CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૬   સોમવાર તા.૦૬-૦૭-૨૦૨૬   અંક : ૨૦૭ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## મુંબઈમાં પડી રહેલા સતત વરસાદથી ભારે તબાહી : આઠ લોકોના મોત : મુંબઈ - પુના હાઈવે પર ભેખડ ધસી પડતા વાહન વ્યવહાર પ્રભાવિત







મુંબઈ

મુંબઈમાં ચાલી રહેલા ભારે વરસાદથી તબાહી મચી ગઈ છે. રવિવારે ભારે વરસાદ વચ્ચે માનખુર્દ વિસ્તારમાં ચાલનો એક ભાગ તૂટી પડતાં છ લોકો માર્યા ગયા હતા અને એક ઘાયલ થયો હતો. ઝાડ પડવાની ઘટનામાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું. વધુમાં, એક ઈમારતની ગ્રીલ ફૂટપાથ પર પડતાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું.

રવિવારે સવારે ૮ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં, દક્ષિણ મુંબઈમાં ૫૧ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં અનુક્રમે ૭૨ મીમી અને ૭૧ મીમી વરસાદ નોંધાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજ પછી વરસાદ વધુ તીવ્ર બન્યો હતો, જેમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. પ્રતિકૂળ હવામાનને કારણે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટ કામગીરી પણ એક કલાક માટે સ્થગિત કરવામાં આવી હતી.

રવિવારે રાત્રે ભારે વરસાદ વચ્ચે મુંબઈના માનખુર્દ વિસ્તારમાં ત્રણ માળની ચાલ ધરાશાયી થઈ હતી. છ લોકો માર્યા ગયા હતા અને એક ઘાયલ થયો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાટમાળમાં વધુ એક વ્યક્તિ ફસાયેલી હોવાની આશંકા છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સહિત અનેક એજન્સીઓની ટીમો દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાર મહિલાઓ અને એક પુરુષને શતાબ્દી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. રાજાવાડી હોસ્પિટલમાં અન્ય એક પુરુષને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માત રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ જનતા નગરના ચાલ નંબર ૫ માં, મંડલા વિસ્તારમાં હનુમાન મંદિર પાછળ બન્યો હતો.

નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહાયક કમિશનર સહદેવ યેદવેએ જણાવ્યું હતું કે, "રવિવારે સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે, દિવાલ સાથે જોડાયેલ ગ્રીલ ફૂટપાથ પર પડી ગઈ હતી. ત્યાંથી પસાર થતા એક યુવાનને તેની ટક્કર લાગી અને તેનું મૃત્યુ થયું. ૨૦૨૫ માં ઈમારતના સ્ટ્રક્ચરલ ઓડિટ માટે નોટિસ જારી કરવામાં આવી હતી, પરંતુ માલિકે તેને અવગણી હતી." એક અઠવાડિયાની અંદર ત્રીજી મોટી વૃક્ષ પડવાની ઘટનામાં, રવિવારે કુર્લા વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન દુકાન પર ઝાડ પડતાં ૬૩ વર્ષીય યુનુસ કુંડાવાલાનું મૃત્યુ થયું હતું. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માત બપોરે ૧૨:૪૦ વાગ્યાની આસપાસ કુર્લા પશ્ચિમના નૌપાડા વિસ્તારમાં હિન્દી BMC સ્કૂલ નજીક થયો હતો. તેને કાટમાળમાંથી બહાર કાઢીને ફૌઝિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

શનિવારે, ગોરેગાંવ પૂર્વના આરે કોલોની વિસ્તારમાં મોટરસાઈકલ ચલાવતા ૧૮ વર્ષીય યુવકનું ઝાડની ડાળી પડવાથી મોત થયું હતું. આ પહેલા, ૩૦ જૂનના રોજ, ચેમ્બુરમાં ચાલતી સ્કૂલ બસ પર ઝાડ પડવાથી ૧૧ વર્ષીય વિદ્યાર્થીનું મોત થયું હતું અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

### મુંબઈમાં લોકલ ટ્રેનવ્યવહાર પણ ખોરવાયો

મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાઓ પણ વરસાદના કારણે ધીમી પડી ગઈ છે. જોકે પ્રશાસન દ્વારા શાળા અને કોલેજમાં જાહેર કરવામાં આવેલી રજાને પગલે મુંબઈગરાઓએ ઘરે જ રહેવાનું મુનાસિબ માન્યું હતું. પશ્ચિમ રેલવે પર વસઈ અને નાલાસોપારા રેલવે સ્ટેશનો પર ટ્રેકના પાટા પાણીમાં ગરકાવ થઈ જતાં પશ્ચિમ રેલવેની સેવાઓ અડધો કલાક જેટલી મોડી ચાલી રહી છે.જ્યારે મધ્ય રેલવે પર મેઈન લાઈન પર લોકલ ટ્રેનો અડધો કલાક જેટલી મોડી દોડી રહી છે. કલ્યાણ સ્ટેશનથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ જતી ટ્રેનો વિલંબથી દોડી રહી છે.

### બંગાળની ખાડીમાં લો પ્રેશર ઝોન સર્જાયું

હવામાન વિભાગએ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે આગામી ૨૪ કલાકમાં દેશના ૧૬ રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં મૂશળધાર વરસાદની સંભાવના છે. મુંબઈમાં ભારે વરસાદને પગલે શાળા-કોલેજો બંધ રાખવામાં આવી છે. આગામી ૩ થી ૪ દિવસમાં ચોમાસું ગુજરાત અને રાજસ્થાનના બાકીના ભાગોને આવરી લેશે. દિલ્હી, યુપી અને બિહારમાં પણ ૫૦ થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદની આગાહી છે, જેનાથી લોકોને બફારાથી રાહત મળશે. દરિયામાં કરંટ હોવાથી માછીમારોને ઊંડા દરિયામાં ન જવાની સલાહ અપાઈ છે.

### સાત જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી અતિવૃષ્ટિની ચેતવણીને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલાં રૂપે પુણે, થાણે, રાયગઢ સહિત રાજ્યના સાત મુખ્ય જિલ્લાઓમાં આજે તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. પ્રશાસન દ્વારા તમામ નાગરિકોને હવામાન વિભાગની અને પ્રશાસનની ઑફિશિયલ અપડેટ્સ જોયા બાદ જ ઘરની બહાર નીકળવા અને વહીવટીતંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

### મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષાઓ સ્થગિત

મુશળધાર વરસાદ અને પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓને પડનારી મુશ્કેલીઓ અને તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપીને મુંબઈ યુનિવર્સિટીએ મોટો નિર્ણય લીધો છે. યુનિવર્સિટી દ્વારા આજે એટલે કે છઠ્ઠી જુલાઈના રોજ યોજાનારી મુંબઈ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ પોસ્ટપોન કરવામાં આવી છે. પરીક્ષા અને મૂલ્યાંકન મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ સ્થગિત રાખવામાં આવેલી પરીક્ષાઓનું નવું અને સુધારેલું ટાઈમટેબલ ટૂંક સમયમાં જ મુંબઈ યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

# હોર્મુઝની ખાડી પસાર કરી ૧૫ જહાજો ભારત તરફ આગળ વધ્યા

## આઠ જહાજો ૩.૩૨ લાખ ટન યુરિયા, ચાર જહાજો ૨.૫૭ લાખ ટન ડીએપી અને ૩ જહાજો ૧.૧૧ લાખ ટન સલ્ફર લાવી રહ્યા છે



નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં તાજેતરમાં ફાટી નીકળેલા યુદ્ધ છતાં ભારતની ખાતર સપ્લાય ચેન મોટાભાગે અપ્રભાવિત રહી છે. રસાયણ અને ખાતર મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે દેશ માટે ખાતર અને કાચો માલ લઈને આવી રહેલા ૨૦ માંથી ૧૫ જહાજો સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરી ચૂક્યા છે અને ભારત તરફ આગળ વધી રહ્યા છે.

આમાંથી ૮ જહાજો ૩.૩૨ લાખ ટન યુરિયા, ચાર જહાજો ૨.૫૭ લાખ ટન ડીએપી (હ્રછ) અને ૩ જહાજો ૧.૧૧ લાખ ટન સલ્ફર લાવી રહ્યા છે. અન્ય પાંચ જહાજો પણ પાઈપલાઈનમાં છે અને તેમાંથી દરેક ૦.૨૫લાખ ટન એમોનિયા અને ૦.૪૫ લાખ ટન યુરિયા લઈને આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ શિપમેન્ટ (જહાજો) સમયસર પહોંચવાની અપેક્ષા છે. તેમણે ઉમેર્યું કે, જોકે પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે દરિયાઈ વાહનવ્યવહાર ખોરવાયો હતો, પરંતુ કેન્દ્ર સરકારે સમયસર આયોજન, અસરકારક સંકલન અને સતત દેખરેખ દ્વારા ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. ઓમાન, મલેશિયા, વિયેતનામ, જ્યોર્જિયા, નાઈજીરિયા, રશિયા, ફિનલેન્ડ, ઈજિપ્ત, અલ્જીરિયા, તુર્કી અને નેધરલેન્ડથી યુરિયાનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે.

ફર્ટીલાઈઝર મિનિસ્ટર જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે સંઘર્ષે (યુદ્ધે) વૈશ્વિક સપ્લાય ચેનને ખોરવી નાખી છે, જેના કારણે ખાતરના ભાવમાં વધારો થયો છે. જોકે, સરકારે ખેડૂતોના હિતોનું રક્ષણ કર્યું છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક યુરિયાનું ઉત્પાદન ૭૧.૫૫ લાખ ટન રહ્યું હતું, જે લક્ષ્યાંક કરતાં વધુ છે. બીજી જુલાઈ સુધીમાં યુરિયાનો સ્ટોક ૬૯.૦૮ લાખ ટન હતો, જેનાથી કુલ ઉપલબ્ધતા ૧૬૩.૩૫ લાખ ટન થઈ ગઈ છે.

જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે ખાતર વિભાગ રાજ્ય સરકારો સાથે સતત તાલમેલ મિલાવી રહી છે, જેથી પ્રાદેશિક સ્તરે ઉપલબ્ધતા અને પારદર્શક વિતરણ સુનિશ્ચિત કરી શકાય. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે એ સુનિશ્ચિત કર્યું છે કે ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રીતે રક્ષણ થાય.

મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે ફર્ટિલાઈઝર પ્લાન્ટ્સ (ખાતરના કારખાના)ને થતો નેચરલ ગેસ (કુદરતી ગેસ)નો પુરવઠો, જે થોડા સમય માટે લગભગ ૬૫ ટકા સુધી ઘટી ગયો હતો, તે હવે પૂરેપૂરો ૧૦૦ ટકા પુનઃસ્થાપિત થઈ ગયો છે.

મંત્રાલયે આગળ જણાવ્યું કે તેણે ૧૯૭.૫૬ લાખ મેટ્રિક ટન ખાતરનો સ્ટોક જમા કરી લીધો છે, જે દેશની ૩૮૩.૯ (ન્સ)ની વાર્ષિક ખાતરની જરૂરિયાતના ૫૧ ટકા કરતાં વધુ છે. તેમણે ઉમેર્યું કે ખાતરની આયાત અને સ્થાનિક ઉત્પાદનમાં કરવામાં આવેલા પ્રયાસોને કારણે દેશભરમાં ખાતરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ છે.

# પશ્ચિમ એશિયામાં સ્થિતિ સામાન્ય થતા ક્રૂડ ઓઈલનો ભાવ ઘટીને ૭૦ ડોલર નીચે

## ઓપેક પ્લસનો ઓગસ્ટથી ઉત્પાદનમાં પ્રતિદિન ૧.૮૮ લાખ બેરલ વધારો કરવાનો નિર્ણય

નવી દિલ્હી,

તેલ ઉત્પાદક દેશોના સમૂહ ઓપેક પ્લસ એ ઓગસ્ટ ૨૦૨૬થી ઉત્પાદનમાં દરરોજ ૧.૮૮ લાખ બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે હોર્મુઝથી તેલની નિકાસ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે અને વૈશ્વિક બજારમાં કિંમતો યુદ્ધ પહેલાના સ્તરની નજીક આવી ગઈ છે.

ઈરાન-અમેરિકા યુદ્ધ અને હોર્મુઝ પર નાકાબંધીના કારણે ક્રૂડ ઓઈલની (કાચા તેલની) કિંમતોમાં ભારે ઊથલપાથલ જોવા મળી હતી. તેલની કિંમતો ૧૨૦ ડોલર પ્રતિ બેરલના આંકડાને સ્પર્શવા લાગી હતી. હવે યુદ્ધવિરામ અને બંને દેશો વચ્ચે બની રહેલી સહમતીના કારણે તેલની કિંમતોમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ૬ જુલાઈના રોજ ક્રૂડ ઓઈલની કિંમત ૭૦ ડોલરથી નીચે સરકી ગઈ.ઓપેક પ્લસનું ઉત્પાદન ફેબ્રુઆરીમાં ૪.૨૮ કરોડ બેરલ પ્રતિ દિવસથી ઘટીને મે મહિનામાં ૩.૩૧ કરોડ બેરલ પ્રતિ દિવસ થઈ ગયું હતું. જૂન મહિનામાં નિકાસમાં સુધારો થવાને કારણે ઉત્પાદન વધવાનું શરૂ થયું, પરંતુ તે હજી પણ યુદ્ધ-પૂર્વેના સ્તર કરતાં નીચું છે. સંયુક્ત આરબ અમીરાત એપ્રિલના અંતમાં આ જૂથમાંથી અલગ થઈ ગયું છે.ઓપેક અને સહયોગી દેશોના સાત મુખ્ય ઉત્પાદકો એપ્રિલથી જુલાઈ વચ્ચે પોતાના ઉત્પાદન ક્વોટામાં દરરોજ અંદાજે ૮ લાખ બેરલનો વધારો કરી ચૂક્યા છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષ દરમિયાન તેલની નિકાસ પ્રભાવિત થઈ હતી, તેથી આ વધારાની અસર બજારમાં જોવા મળી નહોતી. ૨૧ સભ્ય દેશોમાંથી સાઉદી અરેબિયા, રશિયા, ઈરાક, કુવૈત, અલ્જીરિયા, કઝાકિસ્તાન અને ઓમાન ૨૦૨૩માં નક્કી કરાયેલી ૧૬.૫ લાખ બેરલ પ્રતિ દિવસની ઉત્પાદન કાપની નીતિને તબક્કાવાર રીતે પાછી ખેંચી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળની રાજ્યસભાની ત્રણ બેઠકોની ૨૪ જુલાઈના રોજ પેટાચૂંટણી

## મતદાન પુર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે, વિધાનસભાની ચૂંટણી બાદ ત્રણ રાજ્યસભાના સાંસદોએ આપ્યું હતું રાજીનામુ


નવી દિલ્હી

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ત્રણ બેઠકો માટે પેટાચૂંટણીઓની જાહેરાત કરી છે. પંચના જણાવ્યા અનુસાર, આ બેઠકો માટે મતદાન ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી થશે અને તે જ દિવસે સાંજે ૫:૦૦ વાગ્યે મતગણતરી થશે. ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૭ જુલાઈના રોજ સૂચના જારી કરવામાં આવશે, જ્યારે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૪ જુલાઈ છે. ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૫ જુલાઈએ થશે અને ઉમેદવારો ૧૭ જુલાઈ સુધી પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ચૂંટણી પ્રક્રિયા ૨૭ જુલાઈ સુધીમાં પૂર્ણ થશે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ બાદ, ભૂતપૂર્વ શાસક તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીમાં નોંધપાત્ર રાજકીય ઉથલપાથલ જોવા મળી છે. આ વિધાનસભામાં શરૂ થયું, રાજ્યસભામાંથી પસાર થયું અને આખરે લોકસભા સુધી પહોંચ્યું. પાર્ટીના રાજ્યસભા સભ્યોની વાત કરીએ તો, રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ સુખેન્દુ શેખર રોયે ૮ જૂને પોતાના પદ અને પાર્ટી સભ્યપદ પરથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ સુષ્મિતા દેવે ૧૦ જૂને અંગત કારણોસર રાજીનામું આપ્યું હતું અને એક દિવસ પછી, ૧૧ જૂને રાજ્યસભાના સાંસદ પ્રકાશ ચિક બરૈકે પણ રાજીનામું આપ્યું હતું. સુખેન્દુ શેખર રોય અને પ્રકાશ ચિક બરૈકનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટ ૨૦૨૯ સુધી હતો, સુષ્મિતા દેવનો કાર્યકાળ ૨ એપ્રિલ ૨૦૩૦ સુધી હતો.

# ભારત સહિતના અનેક દેશ અમારા મિત્રો : નેતન્યાહૂ

## ઈઝરાયેલ અમેરિકા ઉપર નિર્ભર નથી : અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખને ઈઝરાયેલનો ઝડબાતોડ જવાબ



નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ અને અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ સમજૂતીને લઈને વધી રહેલા તણાવ વચ્ચે ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહુનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. નેતન્યાહુએ અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સના એ દાવાને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. જેમાં વેન્સે કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં અમેરિકા જ ઈઝરાયલનો એકમાત્ર શક્તિશાળી સાથી દેશ બચ્યો છે. નેતન્યાહુએ અમેરિકી ન્યૂઝ ચેનલ 'ફોક્સ ન્યૂઝ'ને આપેલા ઈન્ટરવ્યુમાં ભારતનો ખાસ ઉલ્લેખ કરીને વેન્સને જડબાતોડ જવાબ આપ્યો છે.

નેતન્યાહુએ જે.ડી. વેન્સના નિવેદનનો જવાબ આપતા હળવા અંદાજમાં અને કટાક્ષમાં જણાવ્યું કે, "અમારી પાસે બીજા પણ ઘણા મિત્રો છે. જેમ કે ભારત જેવો એક 'નાનો' દેશ, તમે જાણો છો ને, ત્યાં ૧.૪ અબજ (૧૪૦ કરોડ) લોકો રહે છે અને સાચું કહું તો, અમને ત્યાંથી જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે." તેમણે ઉમેર્યું કે, "મને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પણ ભારત તરફથી ખૂબ જ મોટો સપોર્ટ મળે છે. મારું ફેસબુક પર એકાઉન્ટ છે અને ત્યાં ભારતીય યુઝર્સ મને ભારે સમર્થન આપી રહ્યા છે. ઈઝરાયલ પાસે મિત્રોની કોઈ કમી નથી."

ગયા મહિને વ્હાઈટ હાઉસમાં એક બ્રીફિંગ દરમિયાન અમેરિકી ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સે ઈઝરાયલને અમેરિકા-ઈરાન શાંતિ વાર્તાનું સન્માન કરવાની સલાહ આપી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ઈઝરાયલના નેતાઓ આ સમજૂતીથી નારાજ છે અને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા કરી રહ્યા છે, ત્યારે વેન્સે કહ્યું હતું કે, "જો હું ઈઝરાયલ સરકારની કેબિનેટમાં હોત, તો હું કદાચ એ એકમાત્ર શક્તિશાળી સાથી દેશની ટીકા ન કરત, જે આખી દુનિયામાં મારી પાસે બચ્યો છે."

જે.ડી. વેન્સના દાવાનું ખંડન કરતા નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું કે દુનિયાના ઘણા દેશો ઈઝરાયલની સાયબર સિક્યોરિટી અને છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષમતાના દિવાના છે. ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહુના જણાવ્યા અનુસાર "ઘણા વૈશ્વિક નેતાઓ મને ફોન કરીને કહે છે કે, 'જુઓ, અમારે પબ્લિક ઓપિનિયન (જનમત)ને લઈને કેટલીક આંતરિક સમસ્યાઓ હોઈ શકે છે, પરંતુ અમે તમારું સન્માન કરીએ છીએ. શું આપણે કોઈ આર્થિક કે સંરક્ષણ સમજૂતી કરી શકીએ? શું તમારી સેના જેવી ટેકનિક અમને શીખવી શકો?' સાયબર સેક્ટરમાં ઈઝરાયલ દુનિયાનો બીજો સૌથી મોટો દેશ છે અને અમારી ટેકનોલોજી બેનમૂન છે. તેથી, વૈશ્વિક સ્તરે અમારા સંબંધો બહારથી દેખાય છે તેના કરતાં ઘણા ઊંડા અને મજબૂત છે."

લેબનાનમાં ઈઝરાયલના સૈન્ય ઓપરેશન્સ અને ઈરાન સાથે અમેરિકાની શાંતિ મધ્યસ્થતાને કારણે અત્યારે અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે પડદા પાછળ તણાવ વધી રહ્યો છે, તેવા સમયે નેતન્યાહુએ ભારતનું નામ આગળ ધરીને અમેરિકાને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ઈઝરાયલ માત્ર વોશિંગ્ટન પર નિર્ભર નથી.

CMYK CMYK

# રથયાત્રા પૂર્વે પોલીસનું મેગા કોમ્બિંગ: સંવેદનશીલ રૂટ પર ૨૦૦ જવાનો દ્વારા ચેકીંગ

આગામી ૧૬ જુલાઈના રોજ યોજાનારી ૪૧મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરાવવા માટે ભાવનગર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. રેન્જ આઈજીપી અને એસપી નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ મોડી રાત્રે રથયાત્રાના ૨ કિલોમીટર જેટલા અતિ સંવેદનશીલ રૂટ પર મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. આ કામગીરી માટે ૫ વિશેષ ટીમો બનાવવામાં આવી હતી, જેમાં ૨૦ ઉચ્ચ અધિકારીઓ અને ૨૦૦થી વધુ પોલીસ જવાનો જોડાયા હતા.DySP આર.આર. સિંધાલે જણાવ્યું કે, ઓપરેશન દરમિયાન અસામાજિક તત્વો અને બુટલેગરોના ઘરોમાં સઘન તલાશી લેતા છરી જેવા ઘાતક હથિયારો મળી આવ્યા છે, જે અંગે ગુના નોંધાયા છે. પોલીસે બહુમાળી ઈમારતો પર 'ધાબા પોઈન્ટ'નું નિરીક્ષણ કર્યું હતું અને વાહન ચેકિંગ સાથે ફૂટ પેટ્રોલિંગ પણ કર્યું હતું. આગામી દિવસોમાં સુરક્ષા માટે ખાસ ચેકપોસ્ટ ઊભી કરાશે અને મોહલ્લા મીટિંગો યોજાશે.




તસવીર : ધવલ વાજા

## તળાજા તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ જુલાઈએ યોજાશે

ભાવનગર,તા.૬

જુલાઈ-૨૦૨૬ મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૨ જુલાઈને ને બુધવારના રોજ સવારનાં ૧૧ લાકે મામલતદાર કચેરી, તળાજા ખાતે સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ અધ્યક્ષશ્રી, પ્રાંત અધિકારીશ્રી, તળાજાના અધ્યક્ષ સ્થાને ગ્રામ્ય કે તાલુકા કક્ષાનાં પ્રશ્નોનો નિકાલ કરવા માટે રાખવામાં આવેલ છે. અરજદાર પાસેથી તા.૧૫/૦૭/૨૦૨૬ સુધીમાં આધાર પુરાવા તથા પોતાના પુરા નામ-સરનામા અને મોબાઈલ નંબર સાથે અરજી મંગાવવામાં આવે છે. પ્રશ્ન રજુ કરવા માટે જે તે અરજદારે "તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ" ના મથાળા હેઠળ મામલતદારશ્રી, તળાજાને અરજી કરવાની રહેશે. આ કાર્યક્રમમાં અરજી રજુ કરતાં પહેલા ગ્રામ્ય કે તાલુકા કક્ષાએ સબંધિત કચેરીને અરજી કરેલી હોવી જોઇએ અને તે અનિર્ણીત હોવી જોઈએ. આ કાર્યક્રમમાં અરજદારે જાતે રૂબરૂ હાજર રહી એક જ વિષયને લગતી રજુઆત કરી શકાશે. સામુહિક રજુઆત કરી શકાશે નહી. આ કાર્યક્રમમાં સર્વિસ મેટર-નીતી વિષયક તથા કોર્ટ મેટર સિવાયના પડતર પ્રશ્નો/અરજીઓ સ્વીકારવામાં આવશે.

# નેશનલ યોગાસન ચેમ્પિયનશિપમાં તત્ત્વમ -ઓઝ સ્કૂલની વિદ્યાર્થિનીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

**મધ્ય પ્રદેશના મંડસૌર ખાતે યોજાનારી રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાવનગરની ઉન્નતિ જોષી, અનેરી રાવલ અને પંક્તિ રાવલ બતાવશે યોગ કૌશલ્ય**



ભાવનગર,તા.૬

શિક્ષણની સાથે રમતગમત અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતી ભાવનગરની તત્ત્વમ (ઓજ) સ્કૂલના ફાળે વધુ એક સુવર્ણ સિદ્ધિ આવી છે. શાળાની ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓની આગામી '૧૧મી નેશનલ યોગાસન ચેમ્પિયનશિપ–૨૦૨૬' માટે પસંદગી થતાં શાળા પરિવાર સહિત સમગ્ર ભાવનગર શહેરમાં ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

આ રાષ્ટ્રીય કક્ષાની યોગાસન ચેમ્પિયનશિપ આગામી તા. ૧૦થી ૧૨ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન મધ્ય પ્રદેશના મંડસૌર ખાતે યોજાનાર છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં તત્ત્વમ સ્કૂલની વિદ્યાર્થિનીઓ ઉન્નતિ જોષી (સક્ષમ હાઉસ), અનેરી રાવલ તથા પંક્તિ રાવલ કૌશલ્ય બતાવશે. આ ત્રણેય દીકરીઓ શાળાના યોગ શિક્ષક શ્રી રેતુભા ગોહિલના સક્ષમ માર્ગદર્શન હેઠળ સખત પરિશ્રમ કરીને ગુજરાત રાજ્ય વતી રાષ્ટ્રીય સ્તરે પોતાના શ્રેષ્ઠ યોગાસન કૌશલ્યનું પ્રદર્શન કરવા માટે સજ્જ થઈ છે.

વિદ્યાર્થિનીઓની આ રાષ્ટ્રીય સ્તરની નોંધપાત્ર પસંદગી બદલ તત્ત્વમ સ્કૂલના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકગણ તથા સમગ્ર સ્ટાફ દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તંત્ર અને શાળા પરિવારે આશા વ્યક્ત કરી છે કે આ દીકરીઓ રાષ્ટ્રીય મંચ પર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ભાવનગર અને સમગ્ર ગુજરાત રાજ્યનું નામ રોશન કરશે. ઉલ્લેખનીય છે કે, તત્ત્વમ (ઓજ) સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમત અને યોગ જેવી પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન પૂરું પાડે છે, જેના ફળસ્વરૂપે અહીંના વિદ્યાર્થીઓ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સતત ઝળકી રહ્યા છે.

## પરા રેલવે સ્ટેશનથી ૮.૪૮ લાખના ગાંજા સાથે ઝારખંડનો શખ્સ ઝડપાયો

### ભાવનગરની મહિલા સહિત ૩ સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૬

ભાવનગર પરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૧ પાસે રેલવે પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બે શંકાસ્પદ બેગ સાથે ઉભેલા વિનોદ રાજકુમાર કેસરી (ઉં.વ. ૩૮, રહે. ધનબાદ, ઝારખંડ) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે SOG અને FSLની ટીમને સાથે રાખી તપાસ કરતાં આરોપીની બેગમાંથી સેલોટેપ વીટાળેલા ૧૭ પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોમાંથી રૂ. ૮,૪૮,૮૫૦ની કિંમતનો ૧૬.૯૭૭ કિલોગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે પોલીસે મોબાઈલ અને ટિકિટ મળી કુલ રૂ. ૮,૪૯,૩૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આરોપીની કડક પૂછપરછમાં ચોંકાવનારું આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્ક સામે આવ્યું છે. આરોપીએ કબૂલાત કરી છે કે, આ ગાંજાનો જથ્થો તેને ઝારખંડના ધનબાદ ખાતે રહેતા રાજુ નામના શખ્સે આપ્યો હતો, જે ટ્રેન મારફતે લાવીને ભાવનગરમાં મંજુ નામની મહિલાને સપ્લાય કરવાનો હતો. આ ડ્રગ્સ કનેક્શન ખુલતાં રેલવે પોલીસે પકડાયેલા વિનોદ કેસરી, માલ મોકલનાર રાજુ અને માલ મંગાવનાર મહિલા મંજુ સહિત ત્રણેય આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ફુલસરમાંથી ઈંગ્લીશ દારૂનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

### દૈનિક ૫૦૦ રૂપિયાના મહેનતાણે દારૂ વેચતો હોવાનો ખુલાસો, મુદામાલ જપ્ત

ભાવનગર,તા.૬

શહેરમાં પ્રોહિબિશનના કેસો શોધી કાઢવા બોરતળાવ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમીના આધારે ફુલસર ખાર વિસ્તારમાં બાપાની મઢુલી પાસે દરોડો પાડીને એક શખ્સને વિદેશી દારૂ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલિએશને મળેલી બાતમીના આધારે બાતમીવાળી જગ્યાએથી પ્રતીક ઉર્ફે ભુરો ધીરુભાઈ મકવાણા ઉ.વ.૨૯, રહે. ચિત્રા ફુલસર નામના યુવાનને અટકાવ્યો હતો. તેની અંગઝડતી કરતા તેના નેફામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨ સીલપેક બોટલ (કિંમત રૂ. ૮૫૮) મળી આવી હતી. પોલીસે દારૂ અને એક ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૫,૮૫૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસની પૂછપરછમાં આરોપી પ્રતીકે કબૂલાત કરી હતી કે, આ દારૂ તેને ફુલસરમાં જ રહેતા મુકેશભાઈ પ્રાગજીભાઈ ચૌહાણે છૂટક વેચાણ કરવા માટે આપ્યો હતો, જેના બદલામાં તેને રોજના ૫૦૦ રૂપિયા મહેનતાણું મળતું હતું. આ હકીકતના આધારે બોરતળાવ પોલીસે દારૂ વેચનાર પ્રતીક અને તેને દારૂ પૂરો પાડનાર મુકેશ ચૌહાણ બન્ને વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) અને ૮૧ મુજબ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એક્સપોર્ટનું પ્રમાણ વધે તો દેશને હૂંડિયામણ તેમજ વિકાસને ગતિ મળે

**ભાવનગરની નિકાસ ક્ષમતાઓ અંતર્ગત સૌરાષ્ટ્ર ચેમ્બર દ્વારા યોજાયો માર્ગદર્શન સેમીનાર**




ભાવનગર,તા.૬

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ગુજરાતની નામાંકિત સંસ્થા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે "ભાવનગરની નિકાસ ક્ષમતા" અંતર્ગત માર્ગદર્શન સેમીનાર યોજવામાં આવેલ. કાર્યક્રમના પ્રારંભમાં એ.એમ.એ.ના સીનીયર મેનેજર દેવાંગભાઈ દેસાઈએ. સંસ્થાની પ્રવૃતિઓ વિષે વિસ્તૃત જાણકારી આપેલ.

સૌરાષ્ટ્ર ચેમ્બરના પ્રમુખ તેજસભાઈ શેઠએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવેલ કે એક્સપોર્ટ ક્ષેત્રે ભાવનગર દિન પ્રતિદિન પ્રગતી કરી રહ્યું છે તેનો પ્રત્યક્ષ પુરાવો આજના આ કાર્યક્રમની વિશાળ મેદની છે. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે સતત અને સઘન પ્રયત્નો કરે છે અને તે માટે દર વર્ષે નિષ્ણાંતોને નિમંત્રિત કરી ઓછામાં ઓછા ૪ થી ૫ સેમિનારોનું આયોજન કરે છે. હજૂ આ દિશામાં ચેમ્બર સતત પ્રયત્નશીલ રહેશે કારણ કે એક્સપોર્ટનું પ્રમાણ વધે તો દેશને કિમતી હૂંડિયામણ મળે અને સાથે સાથે ભાવનગરનાં વિકાસને પણ ગતિ મળે.

આ પ્રસંગે નિષ્ણાંત વક્તા રાજનભાઈ ત્રિવેદીએ માહિતી આપતા જણાવેલ કે ભાવનગર ખાતેની પ્રોડક્ટ વિશેષતા જેવી કે એગ્રીકલ્ચર, ફૂડઝ પ્રોડક્ટ, કાસ્ટિંગ, શીપ મશીનરી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવનગરનું એક્ષપોર્ટ ક્ષેત્રે હાલમાં કેટલું યોગદાન અને ભવિષ્યમાં કેટલી તકો રહેલી છે તે વિષે માહિતી આપેલ. સરકાર તરફથી એક્ષપોર્ટ માટે મળતી સેવાઓ અને સુવિધાઓ, તેમાય ખાસ કરીને એમએસએમઈને ક્યા પ્રકારનાં વિશેષ પ્રોત્સાહનો મળે છે તે અંગે તથા આવનાર સમયમાં ભાવનગરને મળનાર એક્ષપોર્ટને લગતી અધ્યત્તન સુવિધાઓ વગેરે બાબતોનો અભ્યાસ કરીને ભાવનગર ખાતેથી એક્ષપોર્ટ કરવા માટે ઘણી તકો ઉપલબ્ધ હોવાનું જણાવેલ. વિશેષમાં જણાવેલ કે પ્રોડક્ટ ખુબ જ સારી હોય પરંતુ એક્ષપોર્ટ અંગેનું પૂરતું નોલેજ ન હોય તો પણ ઘણીવાર મુશ્કેલીઓ આવતી હોય છે ટૂંકમાં એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ કરતા પહેલા કઈ કઈ બાબતોની કાળજી રાખવી તેમજ ભાવનગર ખાતે રહેલ એક્ષપોર્ટ તકો વિષે ખુબ જ સારી જાણકારી આપેલ.કાર્યક્રમનાં અંતે રાખવામાં આવેલ પ્રશ્નોત્તરી શેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને એક્ષપોર્ટ કરવા ઈચ્છુક વ્યક્તિઓએ તેમને મુંઝવતા પ્રશ્નો રજુ કરેલ જે અંગે વક્તા દ્વારા સંતોષકારક માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રસંગે ચેમ્બરનાં માનદ મંત્રી જીગ્નેશભાઈ સવાણી, માનદ ખજાનચી નિલેશભાઈ નાણાવટી, મેનેજીંગ કમિટીનાં સભ્યો તથા વિશાળ સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો અને એક્ષપોર્ટ કરવા ઈચ્છુક વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન ચેમ્બરની મેનેજીંગ કમિટીનાં સભ્ય હિતેશભાઈ રાજ્યગુરુ દ્વારા જ્યારે કાર્યક્રમનાં અંતે આભારવિધિ ઉપ-પ્રમુખ અશોકભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવેલ.

## બજુડ ગામના પાટીયેથી પિસ્તોલ સાથે લુવારાનો શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૬

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને શિહોર ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભાવનગર-રાજકોટ રોડ પર બજુડ ગામના પાટીયા પાસેથી એક શખ્સને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી પાડ્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને બાતમી મળી હતી કે બજુડ ગામના પાટીયે મરૂન રંગનો શર્ટ પહેરેલો અને લાંબા વાળ ધરાવતો એક શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે ઉભો છે. આ માહિતીના આધારે પોલીસે ત્વરિત તપાસ કરતા વર્ણન મુજબનો શખ્સ મળી આવ્યો હતો. પોલીસે વિજયભાઈ શંભુભાઈ મેર ઉ.વ. ૩૨, રહે.




લુવારા, તા.ગારીયાધારની અટકાયત કરી હતી.

આરોપીની તલાશી લેતા તેની પાસેથી લોખંડની સિલ્વર કલરની ચાલુ હાલતની એક પિસ્તોલ (ખાલી મેગઝીન સાથે) મળી આવી હતી. ૬ ઈંચની બેરલ અને ૪ ઈંચના હાથાવાળી આ પિસ્તોલની કિંમત રૂ. ૧૦,૦૦૦ આંકવામાં આવી છે. LCB એ મુદ્દામાલ કબ્જે કરી, આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આગળની વધુ તપાસ માટે આરોપીને સોનગઢ પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યો છે.

# કૃષિ કેબીનેટ મંત્રી વાઘાણીની ઉપસ્થિતિમાં સ્કાઉટ ગાઈડનો યોજાયો સન્માન સમારોહ

### ૧૭ શાળાના ૧૬૫ સ્કાઉટ ગાઈડ, રોવર્સ રેંજર્સ અને શહેર- જિલ્લાના ૧૨ શિક્ષકોને કરાયા સન્માનિત

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આયોજિત ચતુર્થવિધ સન્માન સમારોહ રવિવારના રોજ દક્ષિણામૂર્તિ બાલપમરાટ ખાતે યોજાયો હતો.






સ્કાઉટ ગાઈડ પ્રાર્થના બાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. રાજ્યપાલ એવોર્ડ પ્રાપ્ત કરનાર, ૧૯મી નેશનલ જાંબોરીમાં રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરેલ, રાષ્ટ્રીય કક્ષાની પ્રથમ રોવર રેંજર જાંબોરીમા ભાગ લીધેલ રોવર્સ, ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ સી કેમ્પમા ભાગ લેનાર વિદ્યાર્થીઓ મળીને શહેરની ૧૭ જેટલી શાળા સંસ્થાના કુલ ૧૬૫ સ્કાઉટ ગાઈડ, રોવર્સ રેંજર્સ તથા છેલ્લા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી સ્કાઉટિંગ પ્રવૃત્તિમાં યોગદાન આપતા ૧૨ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યના કૃષિ મંત્રી અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડો. નિકુંજભાઈ મહેતા,જી સી ઈ આર ટી ગાંધીનગરના પૂર્વ નિયામક ડો. નલીનભાઈ પંડિત, પરેશભાઈ ત્રિવેદી, કેતનભાઈ પંડયા, હિરેનભાઈ ભટ્ટ, જિલ્લા સંઘના પ્રમુખ નિશિથભાઈ મહેતા, સ્કાઉટ કમિશનર જયેશભાઈ દવે, ગાઈડ કમિશનર દર્શનાબેન ભટ્ટની ખાસ ઉપસ્થિત રહી હતી.? કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં જીવન ઘડતર અને સંસ્કાર સિંચનની આ પ્રવૃત્તિમાં જોડાયેલા બાળકોને અને તેમના માતા-પિતાને ખાસ અભિનંદન પાઠવ્યા હતા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પ્રવૃત્તિ શરૂ થઈ તે માટે ચેરમેનને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સ્કાઉટિંગ પ્રવૃત્તિ રાજયની તમામ સરકારી શાળાઓમાં શરૂ થાય તે માટે સરકાર તમામ પ્રયત્નો કરશે તેમ જણાવ્યું હતું અને નવી પેઢી આવી પ્રવૃત્તિ દ્વારા ઘડાઈ રહી છે તેનો રાજીપો વ્યક્ત કર્યો હતો.?

ભાવનગરની સ્કાઉટિંગ પ્રવૃત્તિને ૧૦૩મુ વર્ષ ચાલી રહ્યું છે ત્યારે કાર્યક્રમ દરમિયાન જિલ્લા મંત્રીઅજયભાઈ ભટ્ટ દ્વારા મહારાજા કૃષ્ણકુમારસિંહજી, દિવાન પ્રકાશંકર પટણી, શશીભાઈ પટણી,અનંતભાઈ પટણી,પૂ માનભાઈ ભટ્ટને યાદ કરવામાં આવ્યા હતા અને એમના દ્વારા શરૂ થયેલ પ્રવૃતિ આજે પણ ભાવનગરમાં ચાલી રહી છે તે ગૌરવશાળી ઘટના ગણાવી હતી તો પ્રારંભે સહુને આવકારતા જિલ્લા સ્કાઉટ કમિશનર જયેશભાઈ દવેએ સ્કાઉટિંગ પ્રવૃત્તિમાં બાળકોને જોડનાર વાલીઓ અને શાળાઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા પ્રવીણભાઈ મકવાણા, સરલાબેન સાકરળીયા, કાજલબેન પંડ્યા, અલ્પાબેન, દીપકભાઈ, માર્ગેશભાઈ દ્વારા સુંદર જહેમત ઉઠાવાઈ હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## અમેરિકાના ટોપ સાયન્ટિસ્ટના રહસ્યમય મૃત્યુ

અમેરિકા એ દેશ જ્યાં દુનિયાની સૌથી મોટી ટેક્નોલોજી અને સંશોધન સંસ્થાઓ આવેલી છે. પણ શું તમે જાણો છો કે તાજેતરમાં અમેરિકાના એરોસ્પેસ, ડિફેન્સ અને નાસા જેવી સંસ્થાઓમાં કામ કરતા ૧૦ જેટલા મોટા સાયન્ટિસ્ટ અને રિસર્ચર્સનું રહસ્યમય રીતે મૃત્યુ થયું છે કે પછી તેઓ ગુમ થઈ ગયા છે? આ સમાચારે સમગ્ર દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. હવે તેની પાછળ ટ્રમ્પ વહીવટીતંત્રે તપાસના આદેશ આપ્યા છે.અહીં એક જ સવાલ ઉભો થાય છે: શું આ કોઈ સામાન્ય અકસ્માતો છે? કે પછી કોઈ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે? સૌથી પહેલી ઘટના છે નોવાટિસ રિસર્ચર જેસન થોમસની. ૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેઓ અચાનક ગુમ થઈ ગયા. ઘણા દિવસો સુધી તેમનો કોઈ પત્તો ન મળ્યો, પણ છેવટે ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ તેમનો મૃતદેહ મેસેચ્યુસેટ્સમાં મળી આવ્યો. પોલીસને આ મૃત્યુનું કોઈ કારણ ન મળ્યું.આ ઘટના પછી બીજો કિસ્સો ન્યુક્લિયર ફિઝિસિસ્ટ અને રૈંના પ્રોફેસર નુનો લુરેઇરોનો આવે છે. ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, એટલે કે જેસન થોમસ ગુમ થયા તેના થોડા દિવસો પહેલા જ, તેમના ઘરની બહાર તેમને ગોળી મારી દેવામાં આવી હતી. આ એક સીધો હુમલો હતો.જો આપણે ટાઈમલાઈન જોઈએ તો, આ શ્રેણી ડિસેમ્બર ૨૦૨૪થી શરૂ થઈ અને ૨૦૨૬ સુધી ચાલુ રહી. લોસ એલામોસ નેશનલ લેબોરેટરીના ભૂતપૂર્વ કર્મચારી એન્થની ચાવેઝ ૪ મે ૨૦૨૫ના રોજ ગુમ થઈ ગયા હતા. અને ૨૬ જૂન ૨૦૨૫ના રોજ, એ જ લેબોરેટરીના જ સાયન્ટિસ્ટ મેલિસા કેસિયાસ પણ ગુમ થઈ ગયા. શું આ સંયોગ હોઈ શકે? આ તો શરૂઆત હતી. ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ, નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના રિસર્ચર ફ્રેન્ક મેવાલ્ડનું મૃત્યુ થયું. ડિફેન્સ ક્ષેત્રમાં કામ કરતા જેપીએલના કર્મચારી મોનિકા જેસિન્ટો ૨૨ જૂન ૨૦૨૫ના રોજ અચાનક મૃત્યુ પામ્યા હતા. આ પછી, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ, કાર્લ ગ્રિમેરની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ લોકો બધા જ ઉચ્ચ કક્ષાના સાયન્ટિસ્ટ હતા, જેઓ દેશના સુરક્ષા અને તકનીકી વિકાસ માટે કામ કરતા હતા.અને આ શ્રેણીનો સૌથી તાજો અને ચોંકાવનારો કિસ્સો ૪૮ વર્ષીય સ્ટીવન ગાર્સિયાનો છે. તેઓ એક સરકારી કોન્ટ્રાક્ટર હતા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેઓ ગુમ થઈ ગયા. હવે સવાલ એ છે કે સ્ટીવન કોણ હતા? તેમણે પરમાણુ શસ્ત્રોમાંથી નોન-ન્યુક્લિયર ઉપકરણો બનાવવાનું કામ કર્યું હતું. એટલે કે, તેમનું કામ દેશના સૌથી ગુપ્ત અને સંવેદનશીલ પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલું હતું.છેલ્લે, નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના ફિઝિસિસ્ટના મૃત્યુનો કિસ્સો પણ ઉભરી આવ્યો છે, જેનું મૃત્યુ ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ થયું હતું, પણ તેમના મૃત્યુનું કારણ હજુ સુધી સમજી શકાયું નથી.હવે આ બધા સાયન્ટિસ્ટ એક જ દેશના છે, લગભગ એક જ સમયગાળામાં મૃત્યુ પામ્યા છે અથવા ગુમ થયા છે, અને તેમનું કામ નાસા, ડિફેન્સ, ન્યુક્લિયર એનર્જી અને પરમાણુ શસ્ત્રો જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રો સાથે સંકળાયેલું છે. આ આંકડા જોઈને સામાન્ય માણસના મગજમાં ઘણા સવાલો ઉભા થાય છે.શું આ કોઈ ફોરેન પાવરની ગુપ્ત કાર્યવાહી છે? શું અમેરિકાના ટેક્નોલોજી રહસ્યોને કોઈ ચોરી રહ્યું છે અને આ સાયન્ટિસ્ટ તેના ગવાહો હતા? કે પછી આ કોઈ ખરાબ ટેક્નોલોજી કે એક્સપેરિમેન્ટનું પરિણામ છે? અમેરિકા વિશ્વનું સૌથી શક્તિશાળી રાષ્ટ્ર છે, તેની પાસે દુનિયાની સૌથી મજબૂત ગુપ્તચર એજન્સીઓ છે.

# શિક્ષણને શાળા અને ટ્યુશનની ઈમારતોમાંથી બહાર કાઢવાનો એક માત્ર ઉપાય મુક્ત પરીક્ષા કેન્દ્ર

**વિકાસ અને વિકલ્પ**
-ડૉ. નાનક ભટ્ટ

છેલ્લા છ માસ દરમિયાન ગુજરાતના વર્તમાનપત્રોમાં વ્યક્તિગત રીતે શિક્ષક વડોદરામાં વિદ્યાર્થીઓ પર બળજબરી આચરતો, બનાસકાંઠામાં પ્રાથમિક શાળાનાં બાળકોને સોટીથી વીઝી નાખતો, વલસાડમાં એકના ડબલ કરવાની પેરવીમાં સંડોવાયેલો દેખાય છે. તો સામૂહિક રીતે શિક્ષણના ખાનગીકરણ તરફના ઝુકાવ સામે પોતાના 'થોડું કામ અને વધુ વળતર'ના અધિકારને હાનિ પહોંચતી હોઈ સાર્વત્રિક હડતાલનું એલાન કરતા શિક્ષક યુનિયનોની વાત વર્તમાનપત્રોમાં છપાઈ છે. એક વાલી તરીકે આ બધું જોતાં ''શિક્ષક એક આદર્શ'' એવો ભાવ તો અર્થહિન લાગે છે પરંતુ સ્વયં શિક્ષણવ્યવસ્થા બીનઉપયોગી બની રહ્યાનું ભાસે છે.

બદલાતી જતી સામાજિક પરિસ્થિતિના પરીપ્રેક્ષમાં આજના શિક્ષણની સ્થિતિ જોતાં પ્રશ્ન થાય છે કે, આજના શિક્ષણની બેહાલી માટે માત્ર શિક્ષકને શા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે? શું શિક્ષણની પ્રક્રિયામાં વાલીઓની જાગૃતિનું મહત્વ નથી? સંચાલક મંડળની નૈતિકતા અગત્યની નથી? સરકારી વ્યવસ્થાતંત્રની સામેલગીરી શુદ્ધ અને સરળ હોય તે જરૂરી નથી? છેવટે વિદ્યાર્થીઓને જે કંઈ અભ્યાસક્રમના નામે કંઠસ્થ કરાવી દેવામાં આવે છે તેમાં જીવન ઉપયોગી હોય તે જરૂરી નથી? શિક્ષણપ્રક્રિયામાં નાગરિક તરીકે આપણા સ્થાનને વિચારીએ તો જણાશે કે ઈમારત તૂટી પડવાના કારણમાં એક ઈંટ તરીકે આપણે જરૂરથી સ્થાનભ્રષ્ટ થયા છીએ.

મેકૉલેની શિક્ષણવ્યવસ્થાના એકમો! તંત્ર, શાળા, અભ્યાસક્રમ, વિદ્યાર્થી અને પરીક્ષા આ પાંચેય પરિબળો, સામાજિક પરિસ્થિતિની માગને અનુરૂપ રહે તે માટે રાજ્ય પ્રયત્ન કરે છે. એકમોના અગત્યતાના ક્રમમાં ફેરબદલી પણ કરે છે. આમ છતાં, સરવાળે શિક્ષણ જગતની સ્થિતિ નિરાશ જણાય છે. ત્યારે હવે મેકૉલે શિક્ષણના પાંચ આધારોમાંથી શક્ય એકમોને સમૂળગા દૂર કરવાનો સમય પાકી ગયાનું જણાય છે.

આ વિચારને સામાજિક વિકાસના સંદર્ભથી તપાસીએ તો, પૂર્વે પેઢી દર પેઢી વચ્ચે સાતત્યની જાળવણી માટે જે રીતરસમો અને સંસ્કારના આદાનપ્રદાનની અનિવાર્યતા હતી તેમાં પછીથી માહિતીની આપલેની પદ્ધતિ ઉમેરતાં શિક્ષણ નામે એક પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો. જૂના સમયમાં સમજણ અને જ્ઞાનની આપલેની પદ્ધતિ તો ઘરઘરમાં કાર્યરત હતી જ, પરંતુ આ વિચાર માળખાગત બનતાં તેણે શાળા અભ્યાસક્રમ, યુનિવર્સીટી જેવાં રૂપો ધારણ કર્યા. આઝાદી પહેલાં શિક્ષણને વિકાસનો મુખ્ય આધાર ગણવામાં આવ્યું હતું.સ્વતંત્રતા બાદ સામુહિક એકતા કોઈ એક જ મકસદ રહ્યો નહી અને આઝાદીના ૭૫ વર્ષ દરમિયાન જે રીતે વ્યક્તિલક્ષિતાનો પ્રવાહ ઊભર્યો છે, તે સ્થિતિમાં તો આજે સમાજની જરૂરિયાત નક્કી થાય તે પહેલાં જ પરિસ્થિતિ બદલાઈ જાય છે. આ પ્રવાહિત સ્થિતિ સમયે સામાજિક સુવ્યવસ્થાઓનો દારોમદાર માત્ર શિક્ષણ ઉપર રખાય તે વધુ પડતી અપેક્ષા છે.

પરિસ્થિતિના ઉપાય તરીકે હવે દેશમાં ચાલતાં સેંકડો ઉદ્યોગો અને વ્યાપારી સંકુલો માફક શિક્ષણપ્રક્રિયાને મુક્ત બજાર વચ્ચે મૂકીએ, કે જ્યાં શિક્ષણની ગુણવત્તા મુજબ શિક્ષકને વેતન હોય, શાળાના સંચાલકોની વ્યવસ્થાશકિત આધારે ફીનું ધોરણ નક્કી થાય, વિદ્યાર્થી વ્યક્તિગત ક્ષમતા મુજબ ગમતા વિષયો પસંદ કરે એટલું જ નહી પણ વિદ્યાર્થી પોતાની તૈયારી અનુસાર પરીક્ષાર્થી બની આગળ ચાલે તેવી સુવિધા ઊભી કરવામાં આવે. બજારમાં આવતી ચીજવસ્તુઓને ".જી."ના માર્કાની જરૂર હોય પ્રોડક્ટને નિયત ગુણવત્તા સુધી પહોંચાડવામાં આવે છે, તેમ શાળાઓ માટે પણ બાળકોની સંખ્યા પ્રમાણે નહીં પણ શાળામાં ઉપલબ્ધ સુવિધા અને બાળકોને આપવામાં આવતા કૌશલ્યના આધારે સરકારી અનુદાન અને ફીનું ધોરણ નિયત કરી દેવામાં આવે.

શાળાની માન્યતા, શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભરતી, શાળાનું સંચાલન અને છેક પરીક્ષાના પરિણામ સુધી સરકારી તંત્રની સામેલગીરી આજના શિક્ષણની મર્યાદા છે.

આ પરિસ્થિતિને મહદ્ અંશે દૂર કરી 'સરકાર માત્ર જવાબદાર પરીક્ષા તંત્રનું સંચાલન કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.' આ પ્રકારની વ્યવસ્થાના કારણે માર્ચ અને ઑક્ટોબર તેવી પરીક્ષાનો ટૂંકો સમય દૂર થશે. વિદ્યાર્થીઓ પોતાની તૈયારી અનુસાર વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન ગમે તેટલી વખત એક કે તેથી વધુ વિષયની પરીક્ષા આપી શકશે. આ વ્યવસ્થા થકી પરીક્ષામાં વધુ ગુણ મેળવવા માટેની તરકીબો દૂર થશે. સામૂહિક રીતે થતી ચોરી બંધ થશે. સવિશેષ ટ્યુશનની ચૂંગાલમાંથી બાળકો અને વાલીઓ મુક્ત થશે અને એક વર્ષ સુધી જે વિષય ભણ્યા હોઈએ તેમાં જેટલું ગોખી શકાય તે બધું ત્રણ કલાકમાં ઠલવી કાઢવાની મૂર્ખામીભરી પદ્ધતિ દૂર થશે અને છેવટે શિક્ષણ શાળાના ઓરડામાંથી બહાર આવતાં વ્યકિતના ભણતરનું પ્રમાણપત્ર ઉપરાંત તેની આવડતનું મૂલ્ય અંકાશે.

સમાજવાદીઓને આ વિચાર મૂડીવાદી લાગે તે સ્વાભાવિક છે. પરંતુ હાલ જે શાળાઓ પંચાયત અને મ્યુનિસિપલ વ્યવસ્થા સાથે જોડાયેલ છે તેને પ્રયોગથી બાકાત રાખી શકાય. જેથી ગરીબ અને મધ્યમવર્ગના હિતોનું જતન થઈ શકે.શિક્ષણક્ષેત્રે ખાનગી મૂડીરોકાણ વધારવા સામે કેરળની વડી અદાલતે આપેલા ચુકાદા સંબંધે સુપ્રીમ કોર્ટની પુનર્વિચારણા પછી શિક્ષણક્ષેત્રની વર્ગસામાન્યતા અને તેની વિશિષ્ટજરૂરિયાતને અલગ પાડવાનો સમય પાકી ગયો છે. વિદેશોમાં ઘસડાઈ જતા આપણા બુદ્ધિધનને રોકવાનો સમય પાકી ગયો છે. ટ્યુશન આસપાસ કુંઠિત થતા શિક્ષણ માટે વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિઓ અને રાજયના નીતિ ઘડનારાઓએ એક મંચ પર ભેગા થઈ પ્રયોગશીલતા અપનાવવાનો સમય પાકી ગયો છે.

વસ્તીના વધતા દબાણ અને મર્યાદિત માળખાકીય સગવડોને સ્વીકારી રાજય સરકાર પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત નહીં રાખે તો શિક્ષકો અને રાજકીય હેતુઓની સાંઠગાંઠ સરવાળે નુકસાનકર્તા બનશે, તેમાં બીજો મત નથી.

સંગઠિત રહી પોતાનાં હિતો માટે લડતા રહેવું તે સમાજવાદી કાર્યપદ્ધતિની સફળ તરકીબ છે. પરંતુ કોઈ એકાદ જૂથને અલગ તારવી તેને વિશેષ લાભ આપી સરળ પ્રશસ્તિ મેળવવી તે લોકશાહી રાજયવ્યવસ્થામાં મર્યાદારૂપ બને છે. ભારતીય પ્રજાતંત્રમાં સંગઠિત વિકાસ અને રાજકીય નિર્ણયોની સ્વતંત્રતા રહેલી છે તે સારી બાબત છે. પરંતુ તેનો લાભમુઠ્ઠીભર બુદ્ધિજીવીઓ અને ગણ્યાગાંઠ્યા સમૂદાય પૂરતો મર્યાદિત છે, ત્યારે આવી ઘટનાઓ લોકશાહીની પ્રક્રિયાને શિથિલ કરી નાખવા માટે પૂરતી જણાય છે.

# તમને સત્ય ખબર છે, છતાં કોઈ ખોટું કહે ત્યારે?

**વિશેષ**

પૈસા સાચવવાનો અને સંબંધોને વાપરી કાઢવાનો અનોખો સમય ચાલી રહ્યો છે. લોકો હવે પોતાના મિત્રો, પરિવારજનો, સ્નેહીજનો અને સાથીઓનો ઉપયોગ કરવા લાગ્યા છે. પહેલાં લોકો વસ્તુનો ઉપયોગ કરતા અને સંબંધ સાચવી લેતા હતા પણ હવે તો વસ્તુ અને પૈસા અને સંબંધ બધાનો જ ઉપયોગ થવા લાગ્યો છે.

જી બહુત ચાહતા હૈ સચ બોલેં
ક્યા કરેં હૌસલા નહીં હોતા

થોડા સમય પહેલાં જ આ ફાની દુનિયાને અલવિદા કહેનારા ઉત્તમ શાયર અને અદ્વિતિય વ્યક્તિ એવા બશીર બદ્ર સાહેબે સત્ય વિશે ખૂબ જ સુંદર શેર કહ્યો છે. ઉપરોક્ત શેર આ સમાજની, આ દુનિયાના અને માણસજાતની વાસ્તવિકતા બતાવી જાય છે. આપણે સત્યની વાતો કરીએ છીએ પણ ખરેખર ક્યારેય સંપૂર્ણ સત્ય બોલીએ છીએપ નથી જ બોલતાપ ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ પ્રસંગે આપણે અસત્ય અથવા તો યુધિષ્ઠિર જેવું અધુરું સત્ય બોલતા હોઈએ છીએ. કોઈ બાબત સાબિત કરવા માટે બોલાતા સત્ય કે અસત્યની વાત નથી. અહીં વાત જીવનના સત્યની થાય છે. આપણે તે સ્વીકારતા નથી, બોલતા નથી અને સમજતા પણ નથી.એક સમય હતો જ્યારે માણસ સંબંધ સાચવી લેવા ગમે તે પ્રયાસ કરતો હતો. પોતાની સાથે જોડાયેલી વ્યક્તિ દુ:ખી ન થાય, તેને આઘાત ન લાગે, તેની સાથે વિશ્વાસઘાત ન થાય તેવી સમજ આ સમાજમાં હતી. હવે તો સિન્થેટિક લાગણીઓ અને ડિસ્પોઝેબલ રિલેશન્સ થઈ ગયા છે. દરેક વ્યક્તિ બીજાને વાપરીને ફેંકી દેવાની અથવા તો છેતરવાની વૃત્તિ કે રસ્તા શોધતા જ હોય છે. સ્વાર્થના બજારમાં લાગણીઓનું ચલણ બંધ થઈ ગયું છે. જુઠ્ઠુ બોલવું અને ખોટું કરવું તે સામાન્ય બાબત થઈ ગયા છે. આ વિશે કેટલાક કિસ્સા ખરેખર જાણવા જેવા છે.દર્શન અને દિવ્યેશ બંને એક પાર્ટીમાં મળ્યા હતા. દિવ્યેશ સારો લેખક હતો અને તેની પાસે વિષય અને ભાષાનું વૈવિધ્ય હતું. દર્શન અને તેના મિત્રો ફાઈનાન્સનો ધંધો કરતા હતા. તેણે એક ફિલ્મ બનાવવા માટે દિવ્યેશને ઓફર મૂકી. દિવ્યેશ તેની સાથે જોડાવા રાજી થઈ ગયો. તેણે ફિલ્મનું વનલાઈનર લીધીને દર્શનને બતાવ્યું. તેમણે વિષયની ચર્ચા કરી. ફિલ્મ બનાવવાના વાયદા થવા લાગ્યા. મહિના પછી, બે મહિના પછી, માર્ચ જાય એટલે, નવા વર્ષે કરીએ જેવા ઘણા વાયદા થવા લાગ્યા. તેમાં એકાદ વર્ષ તો એમનેમ નીકળી ગયું. આ દરમિયાન એક વખત દર્શનનો દિવ્યેશ ઉપર ફોન આવ્યો. દિવ્યેશભાઈ તમે ગાંધીનગર રહો છો ત્યાં મારા સાળાને હોસ્પિટલમાં રોકડાની જરૂર પડી છે. હું જુનાગઢ આવ્યો છું તો તમે આપી દેશો. હું તમને ઓનલાઈન ટ્રાન્સફર કરાવી દઈશ. દિવ્યેશે બિચારાએ ભલમનસાઈમાં જઈને પૈસા આપ્યા. તેણે હોસ્પિટલની મદદના નામે ૩૫૦૦૦ની રકમ આપી દીધી. એક અઠવાડિયું થવા આવ્યું પણ દર્શન તરફથી પૈસા પાછા આપવા અંગે કોઈ વાત કરાતી નહીં. દિવ્યેશ ફોન કરે ત્યારે દર્શન વિવિધ બહાના કાઢે. યુપીઆઈ બંધ છે. આજના ટ્રાન્ઝેક્શન પૂરા થઈ ગયા છે. ફોન અચાનક બગડી ગયો છે. આવી રીતે બહાના કાઢીને તેણે એક મહિને ૨૦ હજાર આપ્યા પણ હજી પંદર હજાર લેવાના બાકી હતી.

દિવ્યેશ બિચારો ફિલ્મ કરવાની લાલચે પૈસા માગી શકતો નહોતો. દર્શન ફિલ્મના નામે ઈમોશનલ બ્લેકમેલ કરીને પૈસા આપવાનું ટાળતો હતો. આ સમયે દિવ્યેશને વિચાર આવ્યો કે જે વ્યક્તિ પાસે ૩૫,૦૦૦ જેટલી રકમ નથી તે ૩ કરોડ રોકીને ફિલ્મ કેવી રીતે બનાવશે. તેણે જ્યારે આ વાત દર્શનને મોઢે કહી દીધી ત્યારે તેમની વચ્ચે ઝઘડો થયો અને દર્શને તાત્કાલિક તેને પૈસા આપી દીધા અને ફિલ્મ નથી કરવી કહી દીધું. દિવ્યેશને ખબર જ હતી કે, આનો અંત આવો જ આવવાનો છે. તેને સત્ય ખબર હતી પણ તે દર્શનના અસત્યને પારખતો જતો હતો અને તેનો આનંદ લેતો જતો હતો. હાલમાં સમાજમાં આવું જ ચાલ્યા કરે છે.આપણે પોતાની જાતને હોંશિયાર સાબિત કરવામાં એ ભુલી જઈએ છીએ કે સંબંધોમાં આવી કળા અને કારીગરી જોખમી હોય છે. જો કોઈ વ્યક્તિ એમ કહે કે હું નથી કરતો અથવા નથી કરતી તો તે જુઠ્ઠું બોલે છે અથવા તો દંભી છે. આપણે જીવનમાં ક્યારેક ને ક્યારેક જાણે-અજાણી આવા તરકટ કર્યા જ હોય છે. આમ થવા કે કરવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. ક્યારે પૈસા કે કોઈ વસ્તુ માટે થયેલો અનુભવ આપણને આમ કરવા પ્રેરતો હોય તે સ્વાભાવિક છે. આપણે બીજી વખત સતર્ક થઈ જ જઈએ. જ્યારે કોઈને મદદ કરવાની આવે અથવા તો મદદ માટે માત્ર ભલામણ કરવાની આવે ત્યારે પણ જો ગલ્લાંતલ્લાં જ કરવામાં આવે તો તે ખોટું છે. સામેની વ્યક્તિ નિષ્ઠાથી તમારી આશાએ સ્વપ્ન સેવતી હોય અને તમે માત્ર વાયદાની વાતો કર્યા કરો તો આવા સંબંધો ક્યાં સુધી ખેંચી શકાય.સહકર્મી કે પડોશી હોય તો સંબંધ તો ટકી જશે પણ તેમાં રહેલી ઉષ્મા, આત્મિયતા, લાગણી અને ખાસ કરીને વિશ્વાસ ધીમે ધીમે ભુંસાતા જશે. જ્યારે સંબંધોમાં વિશ્વાસ અને લાગણી ભુંસાવા લાગે ત્યારે સમજવું કે આ સંબંધ લાંબું નહીં ટકે. કેન્સરના રોગીની જેમ ધીમે ધીમે તેના પ્રાણ નીકળી જશે.

# હાઈડ્રોજન ઊર્જા : સ્વચ્છ ઊર્જાનો નવો યુગ

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિ પછી ઊર્જાની માંગ સતત વધી રહી છે. કોલસો, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ જેવા અશ્મિભૂત ઈંધણોએ માનવ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ તેના કારણે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન વધ્યું છે, જે વૈશ્વિક તાપમાન, આબોહવા પરિવર્તન અને પર્યાવરણના ગંભીર પ્રશ્નોનું મુખ્ય કારણ બન્યું છે. તેથી આજે સમગ્ર વિશ્વ સ્વચ્છ, ટકાઉ અને ભવિષ્યલક્ષી ઊર્જા સ્ત્રોતોની શોધમાં છે. આ શોધમાં હાઈડ્રોજન ઊર્જા સૌથી આશાસ્પદ વિકલ્પ તરીકે સામે આવી છે.

**ગ્રીન હાઈડ્રોજન એટલે આ એવો વાયુ નથી કે જેનો રંગ લીલો હોય પરંતુ હાઈડ્રોજનનો ઉપયોગ કરવાથી પ્રદૂષણનો ઘટાડો થાય છે અને પર્યાવરણનું જતન થતું હોવાથી હાઈડ્રોજનનો ઉર્જા તરીકે ના ઉપયોગને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે**

હાઈડ્રોજન માંથી ઊર્જા મેળવવાની પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ છે. પાણીમાં રહેલા હાઈડ્રોજનને અલગ કરીને તેને ફ્યુઅલ સેલમાં ઓક્સિજન સાથે ભેળવવામાં આવે છે. આ રાસાયણિક પ્રક્રિયા દરમિયાન વીજળી ઉત્પન્ન થાય છે અને તેની આડપેદાશ તરીકે માત્ર પાણી અને ઉષ્મા મળે છે. એટલે કે આ પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ જેવા પ્રદૂષક વાયુઓનું ઉત્સર્જન થતું નથી. બીજી તરફ હાઈડ્રોજનને બળતણ તરીકે સળગાવીને પણ ગરમી અને ઊર્જા મેળવી શકાય છે. જો હાઈડ્રોજનનું ઉત્પાદન સૂર્ય, પવન અથવા જળવિદ્યુત જેવી નવીનીકરણીય ઊર્જાથી કરવામાં આવે તો તેને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે, જે ભવિષ્યનું સૌથી સ્વચ્છ ઈંધણ માનવામાં આવે છે.હાઈડ્રોજન બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં મળતું તત્ત્વ છે, પરંતુ પૃથ્વી પર તે શુદ્ધ સ્વરૂપમાં બહુ ઓછું મળે છે. તે પાણી અથવા અન્ય રાસાયણિક સંયોજનોમાં બંધાયેલું હોય છે. તેથી ઉપયોગ માટે પહેલા તેને અલગ કરવું પડે છે. આ પ્રક્રિયામાં અત્યાર સુધી સૌથી મોટી મુશ્કેલી એ હતી કે હાઈડ્રોજન બનાવવા માટે ઘણી ઊર્જા ખર્ચાતી હતી. પરિણામે તેનું ઉત્પાદન મોંઘું પડતું હતું અને તેની વ્યાપક સ્વીકાર્યતા મર્યાદિત રહી હતી.

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. જર્મનીના સંશોધકોએ એવી અદ્યતન પદ્ધતિ વિકસાવી છે જેમાં સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને સીધા પાણીમાંથી હાઈડ્રોજન ઉત્પન્ન કરી શકાય છે. આ નવી પદ્ધતિમાં લગભગ ૩૧.૩ ટકા કાર્યક્ષમતા પ્રાપ્ત થઈ છે, જે અત્યાર સુધીના શ્રેષ્ઠ પરિણામોમાંથી એક ગણાય છે. આ સફળતા માત્ર વૈજ્ઞાનિક સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ઊર્જા ક્ષેત્ર માટે આશાનો નવો કિરણ છે.

આ નવી તકનીકની વિશેષતા એ છે કે તેમાં સૂર્યપ્રકાશને પહેલા વીજળીમાં અને પછી વીજળીને હાઈડ્રોજનમાં રૂપાંતરિત કરવાની જરૂર રહેતી નથી. સીધા જ સૂર્યપ્રકાશથી પાણીનું વિભાજન કરીને હાઈડ્રોજન મેળવવામાં આવે છે. આ કારણે ઊર્જાનું નુકસાન ઓછું થાય છે, ઉત્પાદન ખર્ચ ઘટે છે અને સમગ્ર પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બને છે. જો આ ટેકનોલોજી વ્યાપારી સ્તરે સફળતાપૂર્વક અમલમાં આવશે તો ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વધુ સરળ અને સસ્તું બની શકે છે.હાઈડ્રોજનને ભવિષ્યનું ઈંધણ કહેવાનું મુખ્ય કારણ તેની બહુમુખી ઉપયોગિતા છે. વીજળી ઉત્પાદન ઉપરાંત તેનો ઉપયોગ સ્ટીલ ઉદ્યોગ, ખાતર ઉત્પાદન, રિફાઈનરી, રસાયણ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ તેમજ ભારે વાહનોમાં થઈ શકે છે. લાંબા અંતરના ટ્રકો, જહાજો અને ભવિષ્યમાં વિમાનો માટે પણ હાઈડ્રોજન એક અસરકારક વિકલ્પ બની શકે છે. જ્યાં બેટરી ટેકનોલોજી મર્યાદિત સાબિત થાય છે ત્યાં હાઈડ્રોજન વધુ ઉપયોગી બની શકે છે.આજે વિશ્વના મોટા ભાગના દેશોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યાંકો નક્કી કર્યા છે. તે હાંસલ કરવા માટે હાઈડ્રોજન મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

યુરોપિયન દેશો, અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ચીન જેવા દેશો ગ્રીન હાઈડ્રોજનમાં મોટા પ્રમાણમાં રોકાણ કરી રહ્યા છે. અનેક દેશોએ હાઈડ્રોજન ઉત્પાદન માટે વિશેષ નીતિઓ બનાવી છે અને ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું છે.ભારત પણ આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશે રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનની જાહેરાત કરીને વિશ્વ સમક્ષ પોતાની દિશા સ્પષ્ટ કરી છે. ભારત પાસે વર્ષભર પૂરતો સૂર્યપ્રકાશ, વિશાળ જમીન અને પવન ઊર્જાની સારી સંભાવનાઓ છે. આ કારણે ભારત ઓછા ખર્ચે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરી શકે તેવી સંભાવના ધરાવે છે. ભવિષ્યમાં ભારત માત્ર પોતાની જરૂરિયાત જ નહી પરંતુ અન્ય દેશોને પણ ગ્રીન હાઈડ્રોજનની નિકાસ કરી શકે છે.તેમ છતાં પડકારો હજુ પણ ઓછા નથી. હાઈડ્રોજનનું ઉત્પાદન મોંઘું છે. તેને સંગ્રહિત કરવા માટે અત્યંત ઊંચા દબાણવાળી ટાંકીઓ અથવા અત્યંત નીચા તાપમાને પ્રવાહી સ્વરૂપમાં રાખવાની જરૂર પડે છે. તેનું પરિવહન પણ ખર્ચાળ છે. ઉપરાંત હાઈડ્રોજન અત્યંત જ્વલનશીલ હોવાથી સલામતીના વિશેષ ધોરણો અપનાવવા પડે છે. આ તમામ બાબતોને કારણે હાઈડ્રોજન અર્થતંત્રને વ્યાપક બનાવવા માટે મોટા પ્રમાણમાં રોકાણ અને આધુનિક માળખાકીય સુવિધાઓ જરૂરી બનશે.વિશ્વના ઘણા નિષ્ણાતો માને છે કે હાઈડ્રોજન દરેક ક્ષેત્રમાં બેટરીનું સ્થાન નહી લે. જ્યાં સીધી વીજળીનો ઉપયોગ સરળ અને સસ્તો હોય ત્યાં બેટરી વધુ કાર્યક્ષમ રહેશે. પરંતુ સ્ટીલ ઉત્પાદન, ભારે પરિવહન, જહાજરાણી અને લાંબા ગાળાના ઊર્જા સંગ્રહ જેવા ક્ષેત્રોમાં હાઈડ્રોજન અનિવાર્ય બની શકે છે. એટલે ભવિષ્યમાં બેટરી અને હાઈડ્રોજન બંને ટેકનોલોજી એકબીજાની પૂરક તરીકે કાર્ય કરશે.




વૈજ્ઞાનિક સંશોધન સતત આગળ વધી રહ્યું છે. નવા પ્રકારના ઉત્પ્રેરકો, વધુ કાર્યક્ષમ ફ્યુઅલ સેલ, ઓછા ખર્ચના ઈલેક્ટ્રોલાઈઝર અને વધુ સુરક્ષિત સંગ્રહ પદ્ધતિઓ વિકસાવવામાં આવી રહી છે. દરેક નવી શોધ હાઈડ્રોજનને વધુ સસ્તું અને વ્યવહારુ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. જો આ ગતિ જળવાઈ રહેશે તો આગામી દાયકામાં ગ્રીન હાઈડ્રોજન ઊર્જા ક્ષેત્રમાં મોટો પરિવર્તન લાવી શકે છે.પર્યાવરણના દષ્ટિકોણથી પણ હાઈડ્રોજન અત્યંત મહત્વપૂર્ણ છે. કોલસો અને પેટ્રોલિયમના વધતા ઉપયોગને કારણે હવાપ્રદૂષણ, એસિડ વરસાદ અને વૈશ્વિક તાપમાનમાં વધારો થયો છે. ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ વધશે તો કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થશે. આબોહવા પરિવર્તનની અસર ઓછી કરવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે.આર્થિક દષ્ટિએ પણ હાઈડ્રોજન નવી તકો ઊભી કરી શકે છે. નવા ઉદ્યોગો, સંશોધન કેન્દ્રો અને ઉત્પાદન એકમો સ્થાપિત થશે. લાખો લોકોને રોજગારીની નવી તકો મળશે. જે દેશો આજે ગ્રીન હાઈડ્રોજન ટેકનોલોજીમાં આગળ રહેશે તેઓ આવનારા સમયમાં વૈશ્વિક ઊર્જા બજારમાં આગેવાની મેળવી શકે છે.આ લેખમાં વપરાયેલા અઘરા શબ્દોની સરળ સમજૂતી નીચે મુજબ છે.ગ્રીન હાઈડ્રોજન એટલે સૂર્ય અથવા પવન જેવી સ્વચ્છ ઊર્જાથી બનાવવામાં આવતો હાઈડ્રોજન.ફ્યુઅલ સેલ એટલે હાઈડ્રોજન અને ઓક્સિજનની પ્રક્રિયાથી સીધી વીજળી ઉત્પન્ન કરતું સાધન.ઈલેક્ટ્રોલાઈઝર એટલે વીજળીની મદદથી પાણીને હાઈડ્રોજન અને ઓક્સિજનમાં અલગ કરતું ઉપકરણ.કાર્યક્ષમતા (Efficiency) એટલે ઓછા ખર્ચે અથવા ઓછી ઊર્જાથી વધુ પરિણામ મેળવવાની ક્ષમતા.

ઉત્પ્રેરક (Catalyst) એટલે એવી સામગ્રી જે રાસાયણિક પ્રક્રિયાને ઝડપી બનાવે પરંતુ પોતે ખર્ચાતી નથી.ડીકાર્બનાઈઝેશન એટલે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાની પ્રક્રિયા.અંતમાં કહી શકાય કે હાઈડ્રોજન માત્ર એક વૈકલ્પિક ઈંધણ નથી, પરંતુ વિશ્વની ઊર્જા વ્યવસ્થાને નવી દિશા આપવાની ક્ષમતા ધરાવતું માધ્યમ છે. તાજેતરમાં કાર્યક્ષમતામાં થયેલી નોંધપાત્ર પ્રગતિએ સાબિત કર્યું છે કે વૈજ્ઞાનિક સંશોધન અસંભવ લાગતા પડકારોને પણ શક્ય બનાવી શકે છે. જો સરકારો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગો મળીને આ ક્ષેત્રમાં સતત રોકાણ અને સંશોધન કરશે તો આવનારા વર્ષોમાં ગ્રીન હાઈડ્રોજન ઊર્જા સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને આર્થિક વિકાસનો મજબૂત આધારસ્તંભ બની શકે છે. સ્વચ્છ, હરિયાળું અને ટકાઉ ભવિષ્ય સર્જવામાં હાઈડ્રોજન ઊર્જાની ભૂમિકા નિશ્ચિતપણે ઐતિહાસિક સાબિત થશે.

# સીઝનના ૧૧ ઈંચ વરસાદ સાથે મહુવા તાલુકો મોખરે

## ભાવનગર જિલ્લામાં રવિવારે ભુક્કા બોલાવ્યા બાદ આજે મેઘ વિરામ

ભાવનગર,તા.૬
ભાવનગર જિલ્લામાં હવે વરસાદની મૌસમ પૂર બહારમાં ખીલી છે. જોકે શહેરમાં હજુ જોવે તેવો વરસાદ આવ્યો નથી. ત્યારે અત્યાર સુધીમાં ભાવનગર જિલ્લામાં સીઝનમાં કુલ ૧૧ ઈંચ વરસાદ સાથે મહુવા તાલુકો મોખરે રહ્યો છે.

સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હાલમાં જોરદાર વરસાદ પડી રહ્યો છે સૌરાષ્ટ્રના અમરેલી પંથકમાં તેમજ ભાવનગર જિલ્લાના મહુવા અને જેસર પંથકમા ગઈકાલે રવિવારે મેઘરાજાએ ભારે હેત વરસાવ્યું હતું જેના કારણે જળાશયોમાં મોટા પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. ભાવનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ચોમાસાની સીઝનમાં ૨૭૮ મ.મી.સાથે મહુવા તાલુકામાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. જયારે જેસરમાં ૧૬૨ મી.મી., ગારીયાધારમાં ૧૪૧ મી.મી., ઉમરાલનમાં ૧૧૫ મી.મી., ભાવનગર શહેરમાં ૧૦૧ મી.મી., પાલીતાણામાં ૧૧૦ મી.મી., તેમજ ઘોઘામાં ૮૩ મી.મી., વલભીપુરમાં ૮૧ મી.મી., સિહોરમાં ૫૨ મી.મી., તેમજ તળાજામાં ૫૪ મી.મી. વરસાદ અત્યાર સુધીમાં નોંધાયો છે. આજે બપોર સુધીમાં ભાવનગર જિલ્લામાં એકપણ તાલુકામાં વરસાદ આવ્યો નથી અને વરાપ નીકળતા ખેડૂતો વાવણીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

## મહુવાના કોંજળી ગામે રૂપાવટી નદીના પૂરમાં તણાતાં વૃદ્ધનું મોતઃ ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

મહુવા,તા.૬
મહુવા પંથકમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે નદીઓમાં પૂર આવ્યા છે. આ દરમિયાન મહુવા તાલુકાના કોંજળી ગામે રહેતા ૭૫ વર્ષીય ભીખાભાઈ બાવળીયા પોતાની વાડીએથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ગામના કોઝવે પરથી પસાર થતી વખતે રૂપાવટી નદીના પ્રચંડ



પ્રવાહમાં તેઓ તણાઈ ગયા હતા. આ દુર્ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે શોક વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ મહુવા ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ, મામલતદાર અને પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. ફાયર ફાઈટરોએ નદીમાં લાંબી શોધખોળ હાથ ધરી અંતે વૃદ્ધનો મૃતદેહ બહાર કાઢ્યો હતો, જેને પોસ્ટમોર્ટમ માટે મહુવાની સરકારી હોસ્પિટલ ખસેડાયો છે. નદીઓના વધતા જળસ્તરને પગલે તંત્રએ ગ્રામજનોને નદી-નાળાથી દૂર અને સાવચેત રહેવા અપીલ કરી છે.

## જન્મદિન શુભેચ્છા

### કોળી સેવા સમાજ અને કોળી સેનાના પ્રમુખ દિવ્યેશ સોલંકીનો જન્મદિવસ



ભાવનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી- કોળી હૃદય સમ્રાટ પરસોત્તમભાઈ સોલંકીના પુત્ર અને કોળી સેવા સમાજ તથા યુવા કોળી સેના ગુજરાતના પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકીનો આજે તા. ૬ જુલાઈના જન્મદિવસ છે. દિવ્યેશભાઈ પિતા પરસોત્તમભાઈના પગલે સામાજિક અને રાજકીય ક્ષેત્રે કાર્યરત છે અને સારી એવી લોકચાહના ધરાવે છે. તેમનો મો.૯૯૨૪૨૦૪૬૪૨ છે.

### લીલાગ્રુપ પરિવારના પંકજભાઈ રાજયગુરૂનો આજે જન્મ દિવસ



ભાવનગરનાં અગ્રીમ ઔદ્યોગિક જૂથ લીલા ગૃપ પરિવારનાં પંકજભાઈ રાજયગુરૂનો તા.૬ જુલાઈના જન્મદિવસ છે. સ્વ. પિતાજી દલપતરામભાઈ અને સ્વ. માતુશ્રી દુર્ગાબેનનાં અવિરત આશીર્વચન, ધર્મપત્ની રેણુકાબેન, વ્હાલનાં દરિયા જેવા લાડકા પુત્ર ભાવિનભાઈ (ભોલુભાઈ), પુત્રવધુ હિરલબેન, પૌત્ર તીર્થ, તથ્ય, વ્હાલી દિકરી બંસરી, જમાઈ પ્રશાંતકુમાર, દોહિત્ર હસ્તક, દોહિત્રી હસ્તી સહિતનાં પરિવારજનોનાં અપાર હેત, પ્રેમ અને અસ્ખલિત લાગણીઓ વચ્ચે પંકજભાઈ સફળ કારકિર્દીનાં ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. પંકજભાઈને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો : ૯૯૨૫૦૪૧૨૧૨.

## ભાવનગરમાં 'ફાર્મા સિંગર્સ ગ્રુપ' દ્વારા યોજાઈ મ્યુઝિકલ નાઈટ



શહેરના સરદાર સ્મૃતિ હોલ (આર્ટિસ્ટ હબ) ખાતે શનિવારે 'ફાર્મા સિંગર્સ ગ્રુપ ભાવનગર' દ્વારા ફિલ્મી ગીતોના એક શાનદાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ખાસિયત એ હતી કે તેમાં ભાવનગરના મેડિકલ અને ફાર્મા ફિલ્ડ સાથે જોડાયેલા તબીબો અને પ્રોફેશનલ્સે સિંગર તરીકે ભાગ લીધો હતો. આ તબીબ કલાકારોએ બોલિવૂડના સદાબહાર જૂના અને લોકપ્રિય નવા ગીતો સુંદર રીતે પ્રસ્તુત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સુરીલી સાંજે ભાવનગરના આઈ.બી. હ્રઅજ઼ઁ મનીષભાઈ ઠાકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંગીતની મજા માણવા સાથે સ્ટેજ પર આવીને એક સરસ ગીત પણ ગાયું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીના આ સુરીલા અંદાજે કાર્યક્રમની રોનક વધારી દીધી હતી.

## ઘોઘાના કુકડ ગામે યોજાયો ભજન સંધ્યા કાર્યક્રમ, ભજનિકનું સન્માન



ભાવનગર,તા.૬
ઘોઘા તાલુકામા કુકડ ગામે દર શનિવારે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવે છે વર્ષોથી આ પરંપરા શરૂ છે. ભારતીય સંસ્કૃતિના જતનનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે જેમાં કુકડ ગામના ગેમલજી ભગત જેઓ એ "હરીને ભજતા હજુ કોઈની લાજ જતી નથી જાણી રે" તેના રચિયતા છે તેઓ એ અનેક ભજનો અને કાવ્યો ની રચના કરી છે.તાજેતરમાં મોરારીબાપુના વરદ હસ્તે ગેમલજી ભગતના પરિવારના ભજનિક નરેશસિંહ એન ગોહિલનું સન્માન કરેલ.

શનિવાર ભજન સંધ્યાનાના કાર્યક્રમમાં ભાગવતાચાર્ય હરેશભાઈ પાઠક (નારીવાળા) અને જે પી ભટ્ટ આ ભજન સંધ્યામાં સહભાગી બનેલ અને ભજનિક નરેશસિં નું સન્માન શાલ અને ફૂલ હારથી કરેલ.આ વર્ષોથી ચાલતા ભજન સંધ્યાના કાર્યકમમાં આજુબાજુના ગામના ભજનિકો અને સંગીતકારો વિનામૂલ્યે સહભાગી બનેલ છે.ગામના ભાવિ ભક્તો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમમાં જોડાય છે.

## વલભીપુરમાં પાઠ્યપુસ્તકોનો અભાવ, ધો.૬નું ગણિત, ૭નું અંગ્રેજીનું પુસ્તક જ નથી આવ્યું!

### શિક્ષણના આ મહત્વપૂર્ણ મુદ્દાને લઈને તંત્ર સામે વાલીઓમાં ભારે રોષ અને ચિંતા

વલ્લભીપુર,તા.૬
ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે સતત દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. ઉનાળુ વેકેશન પૂરું થયાને હવે એક મહિનો થવા આવ્યો છે, તેમ છતાં વલભીપુર તાલુકાની શાળાઓમાં હજુ સુધી વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળ્યા નથી. શિક્ષણના આ મહત્વપૂર્ણ મુદ્દાને લઈને વાલીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે.

વલભીપુર તાલુકાની શાળાઓમાં ધોરણ ૬નું ગણિતનું અને ધોરણ ૭નું અંગ્રેજી વિષયનું પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થયું નથી. સૂત્રો દ્વારા એવી પણ વિગતો મળી રહી છે કે આ સમસ્યા માત્ર વલભીપુર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ભાવનગર જિલ્લામાં જ પાઠ્યપુસ્તકોનો પુરવઠો સમયસર પહોંચ્યો નથી. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થયાને ઘણો સમય વીતી ગયો હોવા છતાં પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓનું ભણતર ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યું છે.

પાઠ્યપુસ્તકો વગર વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરશે, તેવો સવાલ વાલીઓ ઉઠાવી રહ્યા છે. વાલીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકાર જો ખરેખર શિક્ષણ પ્રત્યે ગંભીર હોય, તો આ પ્રકારની બેદરકારી ન હોવી જોઈએ. બાળકોના ભવિષ્ય સાથે થઈ રહેલા આ ચેડાં સામે વાલીઓએ તંત્ર પાસે તાત્કાલિક હસ્તક્ષેપ કરી ટૂંક સમયમાં પાઠ્યપુસ્તકોનો જથ્થો શાળાઓ સુધી પહોંચાડવા માટે ઉગ્ર માંગ કરી છે. તંત્ર દ્વારા આ બાબતે સત્વરે પગલાં લેવામાં આવે અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

અનુ.પાના ૮નું શરૂ...

## મહુવાના ઓથા ગામે પૂરના પ્રચંડ પ્રવાહમાં

વાપરી હતી અને ત્વરિત નિર્ણય લઈને તમામ ૮ યાત્રિકો કારમાંથી બહાર નીકળી ગયા હતા.યાત્રિકો બહાર નીકળ્યા બાદ અર્ટિગા કાર પાણીના જોરદાર પ્રવાહમાં આગળ તણાઈ ગઈ હતી. સદનસીબે આગળ એક ગટર હોવાથી કાર ત્યાં જઈને અટવાઈ ગઈ હતી, જેથી તે વધુ દૂર વહી જતી અટકી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને બાદમાં જેસીબી મશીનની મદદથી ભારે જહેમત બાદ કારને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. કારને મોટું નુકસાન પહોંચ્યું હતું. આ ઘટનામાં પૂરની વચ્ચેથી તમામ લોકો સુરક્ષિત બચી જતાં લોકોએ તેને કુદરતનો મોટો ચમત્કાર ગણાવ્યો હતો. આ અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## ઘન કચરો અને પ્લાસ્ટિક સળગાવવા પર પ્રતિબંધઃ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામુ

ભાવનગર,તા.૪
લોકોને શુદ્ધ અને પ્રદૂષણ રહિત હવા મળી રહે તેમજ જનસ્વાસ્થ્યનું રક્ષણ થાય તે હેતુસર ભાવનગર જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એન.ડી. ગોવાણીએ તેમને મળેલ સત્તાની રૂએ એક મહત્વનું જાહેરનામુ બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ, ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તારો, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ (બડા) તથા અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ હેઠળ આવતાં વિસ્તારોમાં કોઈપણ વ્યક્તિ દ્વારા ઘન કચરો, પ્લાસ્ટિક, કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટિક કોટેડ વાયર વગેરેને ખુલ્લામાં બાળવા કે સળગાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાપાત્ર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ કડક આદેશના અમલની સંપૂર્ણ જવાબદારી ભાવનગર મ્યુનિસિપલ કમિશનર, 'બડા' ના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના પ્રાદેશિક અધિકારી, અલંગ સત્તા મંડળના નિર્દિષ્ટ અધિકારી, સંબંધિત નગરપાલિકાઓના ચીફ ઓફિસરો તેમજ જે-તે વિસ્તારના પોલીસ થાણાના અધિકારીશ્રીઓને સોંપવામાં આવી છે.

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૩૬/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી કૈલાસબેન શિવુભાઈ ગોહિલ**
**મું.ચુણા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.ચુણા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ચુણા ગામના રહીશ શ્રી કૈલાસબેન શિવુભાઈ ગોહિલએ તેમના માતૃશ્રી ચંદ્રાબા ગંભીરભાઈ ભાટીનું મરણ તા.૧૦/૧૨/૧૯૯૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૦૪/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી કુરેશી જેબુનબેન ભીખુભાઈ**
**મું.મોટી વડાળ,મેઈન બજાર તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.મોટી વડાળ તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના મોટી વડાળ ગામના રહીશ શ્રી કુરેશી જેબુનબેન ભીખુભાઈએ તેમના પુત્રી કુરેશી મદિનાબેન ભીખૂભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૨૦/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી દાઉદાણી કુલસુમબેન કાળુભાઈ**
**મું.૨૬/સી,ગુલુભાઈની વાડી, તળાજા મું.તળાજા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.બગદાણા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના બગદાણા ગામના રહીશ શ્રી દાઉદાણી કુલસુમબેન કાળુભાઈએ તેમના પુત્રી દાઉદાણી અસરફ કાળુભાઈનો જન્મ તા.૨૮/૧૨/૧૯૭૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૨૧/૨૦૨૬

**અપીલકર્તાના વિ.વકિલશ્રી અજય એમ.પરમાર**
**અરજદારશ્રી :- શ્રી દાઉદાણી કુલસુમબેન કાળુભાઇ**
**મું.૨૬/સી, ગુલુભાઈની વાડી,તળાજા મું.તળાજા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.બગદાણા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, તળાજા તાલુકાના તાળાજા ગામના રહીશ શ્રી દાઉદાણી કુલસુમબેન કાળુભાઈએ તેમના પુત્રી દાઉદાણી યાસ્મીનબાનુ કાળુભાઈનો જન્મ તા.૧૯/૦૩/૧૯૬૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૩૪૧/૨૦૨૫

**અરજદારશ્રી :- શ્રી જોગરાણા હાજાભાઈ લાખાભાઈ**
**મું.ગોરસ તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.ગોરસ તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ગોરસ ગામના રહીશ શ્રી જોગરાણા હાજાભાઈ લાખાભાઈએ તેમના પુત્રી જીલુબેન હાજાભાઈ જોગરાણાનો જન્મ તા.૦૫/૧૨/૧૯૮૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક મારામાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૩૨/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી બાખલકિયા પ્રભાબેન ધીરુભાઈ**
**મું.સેદરડા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.સેદરડા તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના સેદરડા ગામના રહીશ શ્રી બાખલકિયા પ્રભાબેન ધીરુભાઈએ તેમના પુત્ર બાખલકિયા જયંતીભાઈ ધીરૂભાઈનો જન્મ તા.૨૪/૦૬/૧૯૯૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૩૪/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી જીવરાજભાઈ ભીખાભાઈ ગોહીલ**
**રે.નદી કાંઠે, ગોરસ**
**મું.ગોરસ તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.ગોરસ તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ગોરસ ગામના રહીશ શ્રી જીવરાજભાઈ ભીખાભાઈ ગોહીલએ તેમના પુત્ર ગોહીલ જયરાજભાઈ જીવરાજભાઈનો જન્મ તા.૧૦/૧૦/૧૯૯૯ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૩૩૪/૨૦૨૫

**અરજદારશ્રી :- શ્રી બાંભણીયા ઘનુબેન છગનભાઈ**
**રે.સેદરડા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.સેદરડા તા.મહુવા જી.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના સેદરડા ગામના રહીશ શ્રી બાંભણીયા ધનુબેન છગનભાઈએ તેમના પુત્રી હીરલબેન છગનભાઈ બાંભણીયાનો જન્મ તા.૨૩/૦૮/૨૦૦૩ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં

રજી નં.૧૯/૨૦૨૬

**અરજદારશ્રી :- શ્રી ગુજરીયા છગનભાઈ બોઘાભાઈ**
**રે.ખારા ગેઇટ, રામજી મંદિર પાછળ,**
**મહુવા તા.મહુવા જી.ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું.કતપર તા.મહુવા જિ.ભાવનગર**

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના કતપર ગામના રહીશ શ્રી ગુજરીયા છગનભાઈ બોઘાભાઈએ તેમના પુત્રી લાભુબેન બોઘાભાઈ ગુજરીયાનો જન્મ તા.૨૮/૦૭/૧૯૭૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.

તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**મહુવા**

### જાહેર નોટીસ

**ભાવનગરના મહેરબાન નાયબ કલેક્ટર સાહેબની કોર્ટ,ભાવનગર,**

**CITYS-Appeal/BHAVN/7/2026**
**નં:એસ્ટા/સીટી સર્વે/અપીલ/કેસનં.૦૭/૨૦૨૬**

**નીતાબેન ગીરીશભાઈ ચૌહાણ**
**રહે. ડાબરીયાનો ખાંચો કણબીવાડ, ભાવનગર.**

**વિરુધ્ધ**

**(૧) સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ-૧ શ્રી, સીટી સર્વે કચેરી ભાવનગર,**
**(૨) સવિતાબેન જગજીવનદાસ પટેલ તે હરીલાલ મગનલાલ પટેલ**
**(૩) વસંતબેન હરીલાલ પટેલ**
**(૪) ગુણવંતીબેન હરીલાલ પટેલ**
**(૫) વિલાસબેન હરીલાલ પટેલ**
**તમામ રહે. નળવાળી શેરી, કણબીવાડ, ઠાકરદવારા મંદીર, ભાવનગર.**

**બાબત : સીટીસર્વે સુપ્રી.-૧ ભાવનગરના પત્ર/હુકમ નં.સીટીએસ-૧/વો-૦૫/વશી નં.૨૦૮/૨૦૨૫ તા.૧૨/૧૨/૨૦૨૫ ના નિર્ણય સામે લેન્ડરેવન્યુ કોર્ડની કલમ ૨૦૩ હેઠળ અપીલની જાહેર નોટીસ**

જાહેર નોટીસ :-
(૧) ઉપરોક્ત વિષય અંગે અપીલવાળાશ્રીની તા.૧૭/૧૨/૨૦૨૫ ની અપીલ અરજી મળેલ છે.
(૨) અપીલવાળાની અપીલ અરજી દાખલ કરેલ છે.
(૩) આ કેસની સુનાવણી તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે ભાવનગરના મહેરબાન નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જેથી પક્ષકારો જાતે અથવા તો તેમના વકીલશ્રી/ મુફત્યાર મારફતે અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.
(૪) ઉક્ત મુદતે તમો હાજર રહેવામાં ચૂક કરશો તો કેસ ના ગુણદોષ આધારે એકતરફી કામ નો નિકાલ કરવામાં આવશે જે તમો ને બંધનકર્તા રહેશે.

તા.૦૨/૦૭/૨૦૨૬

**વિજય એચ. ગોરજીયા**
**અરજદારના એડવોકેટ**
**ભાવનગર મો.૯૪૨૭૧૮૧૩૦૬**

# ખામેનીની અંતિમવિધિમાં રડતા ઈરાનીઓને જોઈને મને આઘાત લાગ્યો, મને લાગ્યું કે લોકો તેમને નફરત કરે છે : ટ્રમ્પ

## ઈરાનમાં ચાલી રહેલ નેતાની અંતિમવિધિ મામલે આપ્યું નિવેદન



વોશિંગ્ટન/તેહરાન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમવિધિમાં ભારે જાહેર શોક જોઈને તેઓ "આઘાત" પામ્યા હતા, તેમણે ટિપ્પણી કરી કે તેમને ઈરાનમાં ખૂબ જ અલગ પ્રતિક્રિયાની અપેક્ષા હતી. અંતિમ સંસ્કારના દ્રશ્યો વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે એક્સિઓસને કહ્યું, "મને આઘાત લાગ્યો હતો."

"મને લાગ્યું કે લોકો તેમને નફરત કરે છે," તેમણે ઉમેર્યું.

ટ્રમ્પની આ ટિપ્પણી ત્યારે આવી જ્યારે શનિવારે ખામેનીના દિવસો સુધી ચાલનારા અંતિમવિધિ સમારોહની શરૂઆત માટે લાખો શોકગ્રસ્તો તેહરાનમાં એકઠા થયા હતા. ભીડમાં ઘણા લોકોએ ખામેનીની છબી ધરાવતા બેનરો અને ધ્વજ લઈને "આપણો શબ્દ એક છે! બદલો! બદલો!" ના નારા લગાવ્યા. ઈરાની રાજધાનીમાં બિલબોર્ડ પર તેમના ચિત્રો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, અને પુરુષોની ભીડ શોકમાં લયબદ્ધ રીતે છાતી મારતી જોવા મળી હતી, જે શિયા અંતિમવિધિમાં એક સામાન્ય પ્રથા છે.

ખામેનીના અઠવાડિયાભરના અંતિમ સંસ્કારનું સમયપત્રક

૧૯૮૯ થી ૮૬ વર્ષની ઉંમરે તેમના મૃત્યુ સુધી ઈરાનનું નેતૃત્વ કરનારા ખામેની, ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન-ઈઝરાયલ યુદ્ધના શરૂઆતના દિવસે ઈઝરાયલી હુમલામાં તેમના પરિવારના ઘણા સભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે માર્યા ગયા હતા.

મંગળવાર (૭ જુલાઈ) ના રોજ પવિત્ર શહેર કોમ લઈ જવામાં આવે તે પહેલાં તેમનો શબપેટી ત્રણ દિવસ તેહરાનમાં રહેશે. ત્યારબાદ બુધવારે પડોશી ઈરાકમાં એક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, ગુરુવારે ઉત્તરપૂર્વીય ઈરાનમાં તેમના વતન મશહદમાં તેમના દફનવિધિનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૮ ફેબ્રુઆરીના હુમલામાં માર્યા ગયેલા પરિવારના ઘણા સભ્યો સાથે તેમને દફનાવવામાં આવે તેવી અપેક્ષા છે, જેમાં તેમની નાની પૌત્રી ઝહરા મોહમ્મદી ગોલપાયગાની, તેમની પુત્રી, જમાઈ અને તેમના પુત્ર મોજતબા ખામેનીની પત્નીનો સમાવેશ થાય છે. મોજતબા તેમના પિતાના અંતિમ સંસ્કારમાં કેમ ગેરહાજર રહ્યા? ભારતમાં ઈરાનના વર્તમાન નેતાના પ્રતિનિધિ આયાતુલ્લાહ હકીમ ઈલાહીના જણાવ્યા અનુસાર, ઈરાનના સર્વોચ્ચ નેતા, મોજતબા ખામેનીએ જણાવ્યું હતું કે તેઓ સુરક્ષાના કારણોસર તેમના પિતા, ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાની અંતિમવિધિમાં હાજરી આપશે નહીં. ઈલાહીએ આ નિર્ણય માટે ઈઝરાયલી ધમકીઓ અને દેખરેખના જોખમોને જવાબદાર ગણાવ્યા હતા જે જાહેર હાજરીને ખતરનાક બનાવશે.

# યુએસને સભ્યતા, ઈતિહાસ અને સન્માન વિશે કોઈ સમજ નથી : ઈરાન

તેહરાન/વોશિંગ્ટન,

ઈરાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 'એક ગોળી'ની ટિપ્પણી પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે કહ્યું છે કે આદર્શોને મારી શકાતા નથી, જ્યારે તેમણે એ પણ જણાવ્યું છે કે વોશિંગ્ટનને 'સંસ્કૃતિ, ઈતિહાસ અને સન્માન' વિશે કોઈ સમજ નથી.

"લોકોને મારી શકાય છે, પરંતુ આદર્શોને નહીં કરી શકાય," આર્મેનિયામાં ઈરાની દૂતાવાસે ઠ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં કહ્યું. "તમે આયતુલ્લાહ ખામેનીને મારી નાખ્યા, પરંતુ વાસ્તવમાં, તમે એક પરફ્યુમની બોટલ તોડી નાખી જેની સુગંધ બધે ફેલાઈ ગઈ. તમે આ બાબતો સમજી શકતા નથી કારણ કે તમારી પાસે ન તો સભ્યતા છે, ન તો ઈતિહાસ, ન તો સન્માન."

અલી ખામેનીની અંતિમયાત્રા શનિવારે તેહરાનથી શરૂ થઈ હતી, જેમાં હજારો લોકો ઈરાનના બીજા સુપ્રીમ લીડરને વિદાય આપવા માટે એકઠા થયા હતા. તેમના ત્રણ પુત્રો - મુસ્તફા, મેયસમ અને મસૂદ - હાજર હતા, સિવાય કે મોજતબા, જે વર્તમાન સુપ્રીમ લીડર છે.

ઈરાની અધિકારીઓએ અગાઉ પુષ્ટિ કરી હતી કે ૫૬ વર્ષીય મોજતબા અંતિમ સંસ્કારમાં હાજરી આપશે નહીં.

રવિવારે, ટ્રમ્પે ઈરાનને એક નવી ધમકી આપી અને કહ્યું કે તેઓ અલી ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન 'એક ગોળી' ઈસ્લામિક રિપબ્લિકના બાકીના સમગ્ર નેતૃત્વને ખતમ કરી શકે છે. જોકે, ૮૦ વર્ષીય રિપબ્લિકન નેતાએ કહ્યું કે આમ કરવાથી, વાટાઘાટો કરવા માટે "કોઈ બચશે નહીં".

"તે બધા ત્યાં છે. એક ગોળી વાગી અને આપણે તે બધાને બહાર કાઢી શકીએ છીએ, પરંતુ આપણે તે કરવાના નથી કારણ કે પછી આપણી સાથે વાટાઘાટો કરવા માટે કોઈ નહીં રહે... તેઓ સોદો કરવા માટે વિનંતી કરી રહ્યા છે," ટ્રમ્પે એક્સિઓસને કહ્યું.

તેમણે એમ પણ કહ્યું કે અંતિમ સંસ્કારમાં જનતાની મોટી ભાગીદારી જોઈને તેઓ ચોંકી ગયા હતા, તેમણે કહ્યું કે તેમને લાગે છે કે ઈરાનીઓ તેમને નફરત કરે છે. દરમિયાન, અલી ખામેનીના અઠવાડિયા લાંબા અંતિમ સંસ્કાર શનિવારે તેહરાનમાં શરૂ થયા હતા, જેમાં હજારો લોકો તેમના માટે પ્રાર્થના કરી રહ્યા હતા.

# ઉદ્ઘાટનના ૨ મહિનામાં જ ઉન્નાવથી ગંગા એક્સપ્રેસવે સુધીનો લિંક રોડ ક્ષતિગ્રસ્ત

ઉન્નાવ,

ઉન્નાવમાં સોનિક ટોલ પ્લાઝા સાથે ગંગા એક્સપ્રેસવેને જોડતો એક લિંક રોડ સિઝનના પહેલા ભારે વરસાદમાં નુકસાન પામ્યો હતો, જેના કારણે ?૧૨,૦૦૦ કરોડના એક્સપ્રેસવેના ઉદ્ઘાટનના માત્ર બે મહિના પછી બાંધકામની ગુણવત્તા પર નવા પ્રશ્નો ઉભા થયા છે. મેરઠ-પ્રયાગરાજ કેરેજવે પર કિલોમીટર ૪૨૧ નજીકનો સાત મીટરનો એપ્રોચ રોડ શુક્રવારે વરસાદને કારણે ધોવાઈ ગયો હતો, જેના કારણે પાળાની માટી ધોવાઈ ગઈ હતી અને કેરેજવેનો એક ભાગ તૂટી પડ્યો હતો. શનિવાર સુધીમાં, રસ્તાની બાજુમાંથી વધુ માટી ધોવાઈ ગઈ હતી, ટ્રાફિક સાઈન પડી ગઈ હતી અને રસ્તાની બાજુના ગટરના ભાગોને નુકસાન થયું હતું.

શુક્રવાર અને શનિવારે ક્ષતિગ્રસ્ત પટ્ટાનું સમારકામ કરવામાં આવ્યું હતું. જો કે, તે જ સ્થળે નવા ધોવાણથી પાળાની સ્થિરતા પર ચિંતાઓ ઉભી થઈ હતી.

સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો હતો કે માટીના ધોવાણને રોકવા માટે ઘાસના આવરણ સહિત ઢાળ સંરક્ષણ પગલાં કાં તો અપૂરતા હતા અથવા ખૂટતા હતા.

પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મેનેજર સતીશ સિંહે જણાવ્યું હતું કે પહેલા વરસાદ પછી આવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. "ધોવાણ થયેલા ભાગનું સમારકામ કરવામાં આવશે. અમારી પાસે પડી ગયેલા સાઈનબોર્ડ વિશે કોઈ માહિતી નથી, પરંતુ તે પણ સુધારવામાં આવશે," તેમણે કહ્યું. આ ઘટના ગંગા એક્સપ્રેસવે પર નોંધાયેલી ખામીઓની શ્રેણીમાં નવીનતમ છે.

# JAAC ના અનેક નેતાઓની ધરપકડથી પાકિસ્તાનમાં ફરીવાર અશાંતિનો માહોલ; PoKમાં વિરોધ પ્રદર્શન

## જોઈન્ટ આવામી એક્શન કમિટીના નેતા શૌકત નવાઝ મીરની ધરપકડથી લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો : તાત્કાલિક મુક્તિની માંગ કરી

પાકિસ્તાન

મોટા પાયે કાર્યવાહી દરમિયાન સુરક્ષા દળોએ ૬૦૦ થી વધુ નાગરિક અધિકાર કાર્યકરોની અટકાયત કર્યાના અહેવાલ બાદ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoJK) માં નવા વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. જોઈન્ટ આવામી એક્શન કમિટી (JAAC) ના નેતા શૌકત નવાઝ મીરની ધરપકડથી લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે, સંગઠને તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે.

JAAC એ ઠ પર કડક પ્રતિક્રિયા આપી, કહ્યું કે તેના ઘણા વરિષ્ઠ સભ્યોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. જૂથે લોકોને શાંતિપૂર્ણ જાહેર કાર્યવાહી ચાલુ રાખવા વિનંતી કરી અને મીરની મુક્તિની માંગણી માટે #ReleaseShoukatNawazMir હેશટેગ શરૂ કર્યો.

દરમિયાન, JAAC ના મુખ્ય સભ્ય સરદાર અમાન ખાનના જાહેર સભાઓને સંબોધતા વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ફેલાઈ ગયા છે. એક ભાષણમાં, જેનો સમય સ્વતંત્ર રીતે ચકાસી શકાયો નથી, ખાને પ્રદેશમાં આવશ્યક પુરવઠાની તીવ્ર અછતનું વર્ણન કર્યું. તેમણે મેંધાર, પૂંછ, રાજૌરી અને ડોડામાં લોકોને મદદ માટે અપીલ કરી, દાવો કર્યો કે રહેવાસીઓ ખોરાક અને દવાઓની અછતનો સામનો કરી રહ્યા છે.

ખાને નિયંત્રણ રેખાની પેલે પાર રહેતા લોકો પાસેથી વધુ સમર્થન માંગ્યું. તેમણે કહ્યું કે યુદ્ધવિરામનો અંત આવવો જોઈએ અને બીજી બાજુના લોકોને PoJKમાં રહેતા લોકો સાથે ઉભા રહેવાની અપીલ કરી. તેમણે ઉમેર્યું કે વર્તમાન પરિસ્થિતિ છતાં આંદોલન રાજકીય સંવાદ માટે પ્રતિબદ્ધ છે.

પાકિસ્તાની અધિકારીઓની કાર્યવાહીની ટીકા કરતા, ખાને કહ્યું કે રહેવાસીઓને હવે બળથી ડરાવવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કડક કાર્યવાહી છતાં આંદોલન ચાલુ રહેશે અને સમર્થકોને કહ્યું કે તેઓ તેમના અભિયાનને આગળ વધારવા માટે નવા રસ્તાઓ શોધી કાઢશે.

અન્ય વ્યાપકપણે શેર કરાયેલા વિડિઓમાં, ખાને સીધા વિરોધીઓને સંબોધિત કર્યા, પૂછ્યું કે શું તેઓએ યુદ્ધવિરામ રેખા તરફ આગળ વધવું જોઈએ. ભીડે સમર્થનમાં જોરદાર પ્રતિક્રિયા આપી.

# લુઈ વીટોનના માલિક બર્નાર્ડ આર્નોલ્ટ અને પત્નીને ૨૨૭ કરોડના ટેક્સનો ફટકો

પેરિસ

પેરિસ એડમિનિસ્ટ્રેટિવ કોર્ટ ઓફ અપીલના તાજેતરના નિર્ણય મુજબ, અબજોપતિ બર્નાર્ડ આર્નોલ્ટ અને તેમની પત્ની પર લગભગ •22.5 મિલિયન (ઈ૨૫.૭ મિલિયન) વધારાના કરવેરામાં ચૂકવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વૈશ્વિક લક્ઝરી ગુડ્સ સમૂહ LVMH ના મુખ્ય કાર્યકારી અધિકારી અને તેમની પત્નીએ ૨૦૧૦ માટે ફ્રેન્ચ અધિકારીઓને •12.96 મિલિયન "વધારાના યોગદાન" - જેમાં કર, સામાજિક યોગદાન, સરચાર્જ અને મોડી ચુકવણી વ્યાજનો સમાવેશ થાય છે - અને ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી ફ્રાન્સના સંપત્તિ એકતા કરના સંદર્ભમાં •9.5 મિલિયન ચૂકવવા પડશે, વહીવટી સંસ્થાની વેબસાઈટ પર ૨ જુલાઈના રોજ પ્રકાશિત થયેલા નિર્ણય અનુસાર.

કોર્ટના ચુકાદાને "કાઉન્સિલ ઓફ સ્ટેટ સમક્ષ અપીલ કરવામાં આવશે," આર્નોલ્ટના પ્રવક્તાએ શનિવારે જણાવ્યું.

આર્નોલ્ટના જનસંપર્ક પ્રવક્તાએ બ્લૂમબર્ગની ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, આર્નોલ્ટ ફ્રાન્સના - અને યુરોપના - સૌથી ધનિક વ્યક્તિ છે અને હાલમાં વિશ્વના આઠમા ક્રમના ધનિક વ્યક્તિ છે, જેમની કુલ સંપત્તિ લગભગ ઈ૧૬૫ બિલિયન છે. ઓનલાઈન મીડિયા આઉટલેટ l'Informé અનુસાર, આ બાબતનું કેન્દ્ર LVMH મોએટ હેનેસી લુઈસ વિટન જીઈ ના "જટિલ શેરહોલ્ડિંગ" ની ચિંતા કરે છે, જેણે સૌપ્રથમ વહીવટી કોર્ટના ચુકાદાની જાણ કરી હતી.

# યુરોપમાં હીટ વેવથી ભયજનક રેકોર્ડ બન્યો; હવામાન વિભાગે આપ્યું રેડ એલર્ટ

## ફ્રાન્સમાં પશ્ચિમી ક્ષેત્રમાં પુલુઆઉ નજીક સૌથી વધુ તાપમાન ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું

યુરોપ

મે અને જૂનમાં ભયાનક રીતે ઊંચા ગરમીના રેકોર્ડ બનાવ્યા પછી, યુરોપ ફરીથી ગરમીના મોજા માટે તૈયારી કરી રહ્યું છે. વિશ્વ હવામાન સંગઠન અનુસાર, ખંડે ભારે ગરમીનો અનુભવ કર્યો હતો અને હવે તે વધુ ગરમી માટે તૈયારી કરી રહ્યું છે.

યુરોપના દેશોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને તેથી વધુ સુધી પહોંચ્યું હતું. યુએન હવામાન એજન્સી અનુસાર, જર્મનીમાં ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસનો ભયાનક નવો ઉચ્ચતમ સ્તર નોંધાયો હતો.

ફ્રાન્સમાં પશ્ચિમી ક્ષેત્રમાં પુલુઆઉ નજીક તેનું સૌથી વધુ તાપમાન ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, અને હંગેરીમાં, જૂનમાં સૌથી ગરમ દિવસ ૪૦.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો.

યુકે, ઑસ્ટ્રિયા, ડેનમાર્ક, સ્વિટ્ઝર્લેન્ડ, નેધરલેન્ડ અને સ્પેન જેવા દેશોમાં પણ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું.

વધુમાં, જૂનમાં ગરમીના મોજાને કારણે ફ્રાન્સ, બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં ઓછામાં ઓછા ૩,૭૦૦ મૃત્યુ નોંધાયા છે.

આમાંથી, ફ્રાન્સમાં ૨,૦૨૫ વધુ મૃત્યુ નોંધાયા છે, બેલ્જિયમમાં ૧,૨૨૨ મૃત્યુ નોંધાયા છે, અને નેધરલેન્ડ્સમાં ૪૮૦ વધુ મૃત્યુ નોંધાયા છે.

વૈશ્વિક ગરમીના મોજા વચ્ચે, ઘણા દેશોમાં ગરમીની રાતો વધી રહી છે. ગરમીના ગુંબજની અસર હોય કે શહેરી ટાપુની અસર, રાત્રિનું તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જવાનું બંધ થઈ ગયું છે.

યુરોપમાં, રાતો વધુને વધુ ગરમ થઈ ગઈ છે. યુકેના કાર્ડિફ પ્રદેશમાં, રાત્રિનું તાપમાન ૨૩.૫ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું નથી, જે યુકેમાં જૂનની સૌથી ગરમ રાત છે. "લઘુત્તમ તાપમાન બપોરના ઉચ્ચતમ સ્તર કરતાં વધુ નોંધપાત્ર હોઈ શકે છે. એક દિવસ જે 38°C સુધી પહોંચે છે પરંતુ રાત્રે 18°C સુધી ઘટી જાય છે તે 36°C સુધી પહોંચે છે અને રાતભર 25°C થી ઉપર રહે છે તે દિવસથી ખૂબ જ અલગ છે.

# કેન્દ્ર સરકારે WhatsApp માટે યુઝરનેમ સમસ્યાનો જવાબ આપવા માટે સમયમર્યાદા લંબાવવામાં આવી

## સરકારે આ ફીચર અંગે વિગતવાર સમજૂતી માંગ્યા બાદ મેટાને નોટિસ ફટકારી હતી



નવી દિલ્હી,

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયે WhatsApp યુઝરનેમ મુદ્દા પર જવાબ આપવા માટે મેટાની સમયમર્યાદા વધુ ત્રણ દિવસ લંબાવી છે. એક સરકારી અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે નવી સમયમર્યાદા હવે ૯ જુલાઈ છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, મંત્રાલયના અધિકારીઓએ WhatsAppને મેસેજિંગ પ્લેટફોર્મ પર યુઝરનેમ ફીચરનો જવાબ આપવા માટે ૬ જુલાઈ સુધીનો સમય આપ્યો હતો.

આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, સરકારે આ ફીચર અંગે વિગતવાર સમજૂતી માંગ્યા બાદ મેટાને આ નોટિસ જારી કરવામાં આવી હતી.

WhatsApp એ એક યુઝરનેમ ફીચર રજૂ કર્યું છે જે કોઈનો ફોન નંબર શેર કર્યા વિના પ્લેટફોર્મ પર મેસેજિંગને મંજૂરી આપશે.

મેટાએ વધુમાં જણાવ્યું હતું કે યુઝરનેમ ડિસ્પ્લે નેમથી અલગ છે, જે યુઝરની પ્રોફાઈલ પર દેખાય છે.

જ્યારે ડિસ્પ્લે નેમ યુનિક હોવું જરૂરી નથી, યુઝરનેમ દરેક એકાઉન્ટ માટે યુનિક હશે.

મીડિયા સૂત્રોએ અગાઉ જણાવ્યું હતું કે સરકારે મેટાને આ બાબતે પરામર્શ પૂર્ણ ન થાય ત્યાં સુધી ભારતમાં આ ફીચર રોલઆઉટ ન કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ પગલું ફીચર અંગે ગોપનીયતા અને સલામતીની ચિંતાઓ ઉઠાવવામાં આવ્યા બાદ લેવામાં આવ્યું છે, ખાસ કરીને નકલ અને દુરુપયોગનું જોખમ.

ટેલિકોમ્યુનિકેશન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે નવી WhatsApp સુવિધા ગુનેગારને નકલી પ્રોફાઈલ બનાવીને નકલી કોલ કરવાની મંજૂરી આપી શકે છે.

"મોટો મુદ્દો એ છે કે કાયદા અમલીકરણ એજન્સીઓ (LEA) માટે એ નક્કી કરવું મુશ્કેલ બનશે કે ગુનેગાર ભારતમાં છે કે વિદેશમાં. આવતીકાલે, કોઈ વ્યક્તિ +૧ (યુએસ) નંબરનો ઉપયોગ કરીને WhatsApp એકાઉન્ટ બનાવી શકે છે, NIA વડાના ફોટોગ્રાફનો ઉપયોગ કરી શકે છે, સમાન વપરાશકર્તા નામ અપનાવી શકે છે અને છેતરપિંડીભર્યા કોલ કરી શકે છે. અગાઉ, જો નંબર +91 થી શરૂ થતો હોત, તો અમે ઓછામાં ઓછું કાર્યવાહી શરૂ કરી શકતા હતા. જો નંબર ઉપલબ્ધ ન હોય, તો તેને ઉકેલવાનો વ્યવહારીક કોઈ રસ્તો નથી," અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું.

# દિલ્હીમાં ભારે વરસાદને કારણે એર ટ્રાફિકને પડી અસર ખરાબ હવામાનને કારણે ૧૫ ફલાઈટ્સ ડાયવર્ટ કરાઈ

## ભારે પવનને કારણે જયપુર અને લખનૌ જતી ૧૦ સ્થાનિક અને ૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી

નવી દિલ્હી,

રવિવારે વરસાદને કારણે દિલ્હીમાં ગરમી અને ભેજથી રાહત મળી, તાપમાનમાં ઘટાડો થયો અને હવામાન ખુશનુમા બન્યું. જોકે, પ્રતિકૂળ હવામાનને કારણે હવાઈ ટ્રાફિક પણ ખોરવાઈ ગયો, જેના કારણે રાષ્ટ્રીય રાજધાનીથી ૧૫ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવાની ફરજ પડી.

એરપોર્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ અને ભારે પવનને કારણે જયપુર અને લખનૌ જતી ૧૦ સ્થાનિક અને ૫ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી કારણ કે રાષ્ટ્રીય રાજધાનીમાં નબળી દશ્યતા અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે ફ્લાઈટ કામગીરી પ્રભાવિત થઈ હતી.

ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઙ) એ અહેવાલ આપ્યો છે કે નવી દિલ્હીમાં બપોરે ૧:૦૦ વાગ્યા સુધી હવામાન સુખદ રહ્યું, તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું. દિવસભર તૂટક તૂટક વરસાદ અને વાવાઝોડાએ શહેરના હવામાનને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન, દિલ્હીના ઘણા ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ નોંધાયો હતો, જ્યારે અલગ અલગ વિસ્તારોમાં મધ્યમ વરસાદ પડ્યો હતો. આ સમયગાળા દરમિયાન, લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ અને ૨૯ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું, જ્યારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને ૩૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

આઈએમડીએ જણાવ્યું હતું કે કેટલાક સ્થળોએ લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું, જ્યારે શહેરના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન મોસમી સરેરાશથી નીચે હતું. દક્ષિણપૂર્વીય પવનો ૧૦-૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયા હતા, અને પાલમમાં ૩૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગને આગામી ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની અપેક્ષા નથી, ત્યારબાદના બે દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે, જેનાથી ગરમીથી રાહત મળશે.

આઈએમડીએ એમ પણ જણાવ્યું છે કે આગામી ચાર દિવસમાં દક્ષિણપશ્ચિમ ચોમાસુ હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના બાકીના ભાગોમાં આગળ વધવા માટે અનુકૂળ છે.

આ દરમિયાન, રાજસ્થાનમાં આગામી ત્રણ દિવસમાં હળવો થી મધ્યમ વરસાદ પડવાની ધારણા છે, અને અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા છે. આઈએમડીએ વધુમાં નોંધ્યું હતું કે દક્ષિણપશ્ચિમ ચોમાસુ ૧ જુલાઈએ હરિયાણા અને પંજાબના કેટલાક ભાગોમાં પ્રવેશ્યું હતું, અને બંને રાજ્યોમાં હવામાન તેના આગળ વધવા માટે અનુકૂળ રહ્યું છે.

# ઈન્સ્ટાગ્રામ પર બાળ દુર્વ્યવહાર સંબંધિત જાહેરાતો દૂર કરવા કેન્દ્ર સરકારનો મેટાને કડક આદેશ

## ટેલિગ્રામે બાળ જાતીય શોષણને પ્રોત્સાહન આપતી સામગ્રી સામે કાર્યવાહી કરી ૨.૭૪ લાખથી વધુ ચેનલો અને જૂથોને દૂર કર્યા

નવી દિલ્હી,

સોશિયલ મીડિયા જાયન્ટ મેટા સામે મોટી કાર્યવાહીમાં, કેન્દ્ર સરકારે ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોમાં બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રી (CSEAM) ની કથિત હાજરી અંગે નોટિસ જારી કરી છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ પ્લેટફોર્મને તાત્કાલિક તમામ જાહેરાતો અને સામગ્રીને બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે જે આવી સામગ્રીનો પ્રચાર કરે છે અથવા તેની ઍક્સેસને સરળ બનાવે છે. મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, સરકારે મેટાને સાત દિવસની અંદર પ્લેટફોર્મ પર આવી સામગ્રી કેવી રીતે દેખાઈ અને સમાન ઘટનાઓને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાં અંગે વિગતવાર સમજૂતી રજૂ કરવા પણ કહ્યું છે. કેન્દ્રએ આ મુદ્દાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો છે અને ઈન્સ્ટાગ્રામને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. જાહેરાતોને દૂર કરવા ઉપરાંત, પ્લેટફોર્મને તેની સિસ્ટમ દ્વારા બાળ જાતીય શોષણ સાથે જોડાયેલ સામગ્રીના પ્રમોશન અને પ્રસારને રોકવા માટે પણ કહેવામાં આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે ખાસ કરીને આવી સામગ્રીના કથિત "એલ્ગોરિધમિક એમ્પ્લીફિકેશન" સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેણે પ્લેટફોર્મ પર તેની દશ્યતા વધારવામાં મદદ કરી હશે. અહેવાલો અનુસાર, ઈન્સ્ટાગ્રામ પર કેટલીક પેઈડ જાહેરાતોનો ઉપયોગ કથિત રીતે વપરાશકર્તાઓને ગેરકાયદેસર બાળ જાતીય શોષણ સામગ્રી હોસ્ટ કરતા બાહ્ય પ્લેટફોર્મ પર દિશામાન કરવા માટે કરવામાં આવી રહ્યો હતો.

સરકારે સીંઠ ને સૂચના આપી છે કે આવી સામગ્રીને વિલંબ કર્યા વિના દૂર કરવામાં આવે અને ભવિષ્યમાં તેના પ્રસારને રોકવા માટે મજબૂત સુરક્ષા પગલાં લેવામાં આવે.

નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે જરૂરી માહિતી પૂરી પાડવામાં અથવા સમયસર સુધારાત્મક પગલાં લેવામાં નિષ્ફળતા કાનૂની કાર્યવાહીને આમંત્રણ આપી શકે છે.

ગેરકાયદેસર બાળ જાતીય શોષણ સામગ્રીને પ્રસારિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના દુરુપયોગ અંગે વધતી ચિંતાઓ વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. સરકાર આગામી કાર્યવાહીનો નિર્ણય લેતા પહેલા સીંઠ ના પ્રતિભાવ પર નજીકથી નજર રાખે તેવી અપેક્ષા છે.

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (BBC) ના એક અહેવાલના થોડા કલાકો પછી સરકારની આ કાર્યવાહી આવી છે જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો fu Instagram ભારતમાં બાળ જાતીય શોષણ સામગ્રી સાથે જોડાયેલી પેઈડ જાહેરાતો પ્રદર્શિત કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, જાહેરાતોએ એપ્લિકેશન પર દેખાતા પહેલા પ્લેટફોર્મની મધ્યસ્થતા પ્રક્રિયાને મંજૂરી આપી હતી. તેની તપાસના ભાગ રૂપે, બીબીસી વર્લ્ડ સર્વિસને જાણવા મળ્યું કે કેટલીક જાહેરાતોમાં "બળાત્કારનો વીડિયો" અને "બાળકનો વીડિયો" જેવા શબ્દસમૂહો હતા અને કથિત રીતે વપરાશકર્તાઓને ટેલિગ્રામ ચેનલો તરફ નિર્દેશિત કરવામાં આવ્યા હતા જ્યાં આવી ગેરકાયદેસર સામગ્રી ૯૯ રૂપિયામાં ઓફર કરવામાં આવી રહી હતી.




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

તા. ૦૬-૦૭-૨૦૨૬, સોમવાર






### ડેમ ગમે ત્યારે છલકાઈ શકે તેમ હોવાથી તંત્ર એલર્ટ મોડ પર, ૧૭ ગામોને સાવચેત કરાયા

# શેત્રુંજી ડેમ ઓવરફ્લોથી માત્ર દોઢ ફુટ દુર

## એક જ રાતમાં ૯ ફૂટ પાણીની આવકથી શેત્રુંજી ડેમ ૯૦% થી વધુ ભરાયો, પીવાના પાણીનો સૂચિત પ્રશ્ન કલાકોમાં ઉકેલાયો

ભાવનગર,તા.૬

અમરેલી અને ધારી પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં ગઈકાલે ધારીનો ખોડિયાર ડેમ ઓવરફ્લો થયો હતો, જેના પગલે રાત્રે તેના ૯ દરવાજા ખોલવા પડ્યા હતા જે બાદમાં ઘટાડીને ૬ કરાયા છે. ખોડિયાર ડેમનું ઓવરફ્લો થયેલું પાણી તથા ધારી, સાવરકુંડલા અને ગીર પંથકનો ગાંડોતૂર બનેલો પ્રવાહ શેત્રુંજી નદીમાં ભળતાં ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં ગઈકાલ રાતથી જ પૂરના પાણીની પ્રચંડ આવક શરૂ થઈ ગઈ છે. રાત્રે એક તબક્કે ડેમમાં પાણીની આવક ૧,૫૯,૦૦૦ ક્યુસેકે પહોંચી ગઈ હતી, જો કે આજે સવારે ૧૧ કલાકની સ્થિતિએ તેમાં તબક્કાવાર ઘટાડો થઈને ૭૧,૮૧૦ ક્યુસેક આવક ચાલુ છે.

આ ધસમસતા પ્રવાહને કારણે ગઈકાલે ૨૩.૦૭ ફૂટ પર રહેલી ડેમની જળસપાટીમાં માત્ર એક જ રાતમાં ૦૮.૦૮ ફૂટનો તોતિંગ વધારો થયો છે, અને સપાટી ૩૨ ફૂટ ૦૩ ઈંચે પહોંચી ગઈ છે. ૩૪ ફૂટે ઓવરફ્લો થતો આ ડેમ હવે ૯૦ ટકાથી વધુ ભરાઈ ગયો છે. ચોમાસાની શરૂઆતમાં જ કુદરતે મહેરબાની કરતાં ભાવનગર શહેરનો પીવાના પાણી અને ખેત સિંચાઈનો સૂચિત પ્રશ્ન એક જ રાતમાં હલ થઈ ગયો છે, જેનાથી જગતનો તાત અને નગરજનો ખુશખુશાલ છે.

બીજી તરફ, ડેમ ગમે ત્યારે છલકાઈ શકે તેમ હોવાથી જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવ્યું છે. સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાલીતાણા તાલુકાના ૫ ગામો નાની રાજસ્થળી, લાપડીયા, લાખાવાડ, માયધાર, મેઢા અને તળાજા તાલુકાના ૧૨ ગામો ભેગાડી, દાત્રળ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવવા, તરસરા, સરતાનપર સહિત કુલ ૧૭ ગામોના લોકોને નદીના પટ કે નીચાણવાળા વિસ્તારોમાં ન જવા કડક ચેતવણી અપાઈ છે. વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ અનિચ્છનીય ઘટના રોકવા માટે લોકોને સતર્ક રહેવા અને સુરક્ષિત સ્થળોએ રહેવા અપીલ કરવામાં આવી છે.

# મહુવાનો માલણ ડેમ મધરાત્રે ઓવરફ્લો: ૪ દરવાજા ખોલાયા

ભાવનગર,તા.૬

ભારે વરસાદને પગલે મહુવા તાલુકાનો માલણ ડેમ રાત્રિના ૧ વાગ્યે સંપૂર્ણ ભરાઈને ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક યથાવત રહેતા ડેમની જળસપાટી જાળવી રાખવા તંત્ર દ્વારા ડેમના ૪ દરવાજા ખોલીને ૪૧૪૫ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આજે સવારે ૧૧.૪૦ વાગ્યે મળતી માહિતી મુજબ, પાણીની જાવક ચાલુ રાખવામાં આવી છે.

જોકે, આ સમગ્ર ઘટનામાં તંત્રના સંકલનનો અભાવ પણ સ્પષ્ટ રીતે સામે આવ્યો છે. ડેમ ઓવરફ્લો હોવા છતાં, સવારે ૬ વાગ્યે કલેક્ટરને મોકલવામાં આવેલા અને મીડિયામાં જાહેર કરાયેલા રિપોર્ટમાં આ અંગે કોઈ જ નોંધ કરવામાં આવી નહોતી, જે તંત્રની બેદરકારી સૂચવે છે.

ડેમ ઓવરફ્લો થતાની સાથે જ મહુવા તાલુકાના નીચાણવાળા ૧૦ ગામોને વહીવટી તંત્ર દ્વારા હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. જેમાં મોટા ખુટવડા, ગોરસ, સાંગણીયા, લખુપરા, કુંભણ, નાના જાદરા, તાવેડા, ઉમણીયાવદર, મહુવા અને કતપર ગામનો સમાવેશ થાય છે. માલણ નદીમાં પાણીનો પ્રવાહ સતત વધી રહ્યો હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળવાની દહેશત છે. તંત્ર દ્વારા નદીના પટ, કોઝવે અને પાણી ભરાયેલા માર્ગો પર અવરજવર ન કરવા તેમજ બિનજરૂરી મુસાફરી ટાળવા સ્થાનિકોને કડક સૂચના આપવામાં આવી છે. હાલ પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને મહેસૂલ વિભાગની ટીમો સતત મોનિટરિંગ કરી રહી છે અને તમામ સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

### નીચાણવાળા ૧૦ ગામો હાઈ એલર્ટ પર; તંત્રના સંકલનના અભાવે સવારના રિપોર્ટમાં ડેમ ઓવરફ્લોની વિગત ગાયબ

# મહુવામાં નવા ઝાપા પાસે સ્કૂટરમાંથી ઈંગ્લીશ દારૂ- બીયરનો જથ્થો ઝડપાયો

ભાવનગર,તા.૬

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહુવા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ-જુગારની બદી નાબૂદ કરવા હાથ ધરેલા સઘન પેટ્રોલિંગ દરમિયાન, બાતમીના આધારે દરોડો પાડીને નવા ઝાપા વિસ્તારમાંથી એક સ્કૂટરમાં સંતાડેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો પકડી પાડ્યો હતો જોકે, મુખ્ય આરોપી ફરાર થયો હતો. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ન્ઝમ્ની ટીમ મહુવામાં પેટ્રોલિંગમાં હતી. તે સમયે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, નવા ઝાપા પાસે રહેતો વિજય ઉર્ફે ગટ્ટી મનુભાઈ વાસીયા તેના રહેણાંક મકાન પાસે રાખેલા સ્કૂટર નંબર GJ-04-ES-5086ની ડીકીમાં ઈંગ્લીશ દારૂ સંતાડીને તેનું વેચાણ કરી રહ્યો છે. આ હકીકતના આધારે પોલીસે પંચોને સાથે રાખીને રાત્રે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી. જે જગ્યાએ સ્કુટર મળી આવેલ જેને ચાવી વડે સીટ ખોલીને તપાસ કરતા અંદર કાળા ઝબલામાંથી મધ્યપ્રદેશ અને રાજસ્થાન માર્કાની વ્હિસ્કી અને વોડકાની ૧૮૦સ્ન્ની કુલ ૧૮ બોટલો કિં.રૂ.૨૭૦૦ તથા બડવાઈઝર બીયરના ૬ ટીન કિં.રૂ.૧૪૪૦ મળી આવ્યા હતા. પોલીસે ૫૦ હજાર રૂપિયાનું સ્કૂટર અને દારૂ-બીયર મળીને કુલ રૂ. ૫૪,૧૪૦ નો મુદ્દામાલ કબજે કરી વિજય ઉર્ફે ગટ્ટી મનુભાઈ વાસીયા સ્થળ પર હાજર ન મળી આવતા, પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ,એ), ૧૧૬(બી) અને ૯૮(૨) હેઠળ વિધિવત ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### એલસીબીની રેડમાં બુટલેગર વિજય ઉર્ફે ગટ્ટી ફરાર, રૂ. ૫૪,૧૪૦ નો મુદ્દામાલ જપ્ત

# ઓથા ગામે પૂરના પ્રચંડ પ્રવાહમાં અર્ટિગા કાર તણાઈ: ૮ પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ

### જાંબુડા ગામે મરણ પ્રસંગે જઈ રહેલા પરિવારે મોતને હાથતાળી આપી; પૂરમાં તણાયેલી કાર ગટરમાં અટકાતા JCB વડે બહાર કઢાઈ





ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ઓથા ગામે રવિવારે વહેલી સવારે એક રૂંવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં ઓથા ગામ પાસેથી પસાર થતી ડોંગી નદીના પૂરના પ્રચંડ પ્રવાહમાં એક અર્ટિગા કાર તણાઈ ગઈ હતી. જોકે, કારમાં સવાર ચાર મહિલાઓ સહિત પરિવારના તમામ આઠ સભ્યોનો અદ્ભુત અને ચમત્કારિક બચાવ થતાં મોટી હોનારત ટળી છે.

મળતી વિગતો મુજબ, અમદાવાદથી એક પરિવાર અર્ટિગા કાર નંબર: GJ 01 MT 4172 માં સવાર થઈને મહુવાના જાંબુડા ગામે મરણના પ્રસંગે જઈ રહ્યો હતો. રવિવારે સવારે ૬:૦૦ વાગ્યાના સુમારે આ કાર ઓથા ગામેથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ડોંગી નદીમાં વરસાદી પૂરનો ભારે પ્રવાહ આવી ગયો હતો. પાણીનું જોર એટલું વધારે હતું કે જોતજોતામાં અર્ટિગા કાર પૂરના પ્રવાહમાં તણાવા લાગી હતી. કાર પાણીમાં ખેંચાતી જોઈ અંદર બેઠેલા મુસાફરોએ ભારે સમયસૂચકતા (જુઓ પાનું ૬) »

# કુંભારવાડામાં રૂમનું તાળું તોડવા મામલે યુવાન ઉપર હિચકારો હુમલો

ભાવનગર,તા.૬

શહેરના કુંભારવાડા મોતીતળાવ વિસ્તારમાં ગઈકાલે રવિવારે રાત્રે પોતાના જ મકાનનું તાળું તોડી રહેલા એક યુવાન સાથે વિના કારણ માથાકૂટ કરી ચાર શખ્સોએ પથ્થર વડે હુમલો કરતા નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

શહેરના કુંભારવાડા મોતીતળાવ શેરી નં-૩ માં રહેતા અને ફર્નિચરનો વ્યવસાય કરતા વિકાસ લાલબહાદુર ગુપ્તા ઉ.વ.૨૮ની ફરિયાદ મુજબ, ગઈકાલે તા. ૦૫ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ તેઓ પોતાના નવા કારીગરોને રહેવા માટે રૂમ ખોલવા પાના વડે તાળું તોડી રહ્યા હતા (જૂના કારીગરો ચાવી લઈને વતનમાં જતા રહ્યા હોવાથી). ત્યારે તે જ વિસ્તારમાં રહેતા ૪ શખ્સો ત્યાં આવ્યા હતા અને "અમે ઘણા તાળા તોડેલા છે, લાવો તોડી દઈએ" તેમ કહી દખલગીરી કરવા લાગ્યા હતા. વિકાસભાઈએ તેઓને તેમ કરવાનું ના પાડતા આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા.ઉશ્કેરાયેલા આરોપીઓ પૈકી રેહાન ઉર્ફે લાલો વસાયા અને તૌસીફ ઉર્ફે પીપ સૈયદે વિકાસભાઈને વિકાસભાઈને માથામાં પથ્થરના ઘા ઝીંકી દીધા હતા, જ્યારે અનીસ ઉર્ફે બોબરૂ બેલીમ અને અબ્બાસ બલોચે ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સર.ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસે ચારેય આરોપીઓ સામે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૫૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અમે ઘણા તાળા તોડેલા છે, લાવો તોડી દઈએ કહી દખલગીરી કરી, ના પાડતા પથ્થરના ઘા ઝીંકી મારી નાખવાની ધમકી આપી

# મહુવાના બિલડીમાં ભારે વરસાદથી પુલ તૂટ્યો: માર્ગો બંધ થયા બાદ સ્થિતિ સામાન્ય

ભાવનગર,તા.૬

મહુવા તાલુકાના બિલડી ગામે શનિવાર બપોરથી રવિવાર સાંજ સુધીમાં આશરે ૭થી ૮ ઈંચ ભારે વરસાદ ખાબકતા સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાયો હતો. ૨૪ કલાકમાં નોંધાયેલા ધોધમાર વરસાદને કારણે બિલડીથી મહુવા તરફનો રસ્તો બંધ થયો હતો .આ ઉપરાંત, બિલડીથી વાંગર માર્ગ પર સણસોરી નદી પરનો પુલ તૂટી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો અને અનેક માર્ગો અવરોધાયા હતા.આજે સવારે મહુવા નાયબ કલેક્ટર, મામલતદાર અને પોલીસ ઈન્સ્પેક્ટરે અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. મામલતદાર જાડેજાએ જણાવ્યું હતું કે, પૂરના પાણી ઓસરતા હાલ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ અને સામાન્ય છે.

# કાર ચાલકે એક્ટિવાને અડફેટે લેતા યુવતીને થઈ ગંભીર ઈજા

### વાઘાવાડી રોડ પરનો બનાવ, કાર ચાલક સામે ફરિયાદ નોંધાઈ

ભાવનગર,તા.૬

શહેરના નવી માણેકવાડી, ખોડિયાર સોસાયટીમાં રહેતા વેપારી સોહિલભાઈ કાલવાની ૨૬ વર્ષીય દીકરી ફાતિમા ગત તા. ૨૪/૦૬/૨૦૨૬ ના રોજ પોતાની માતા પરવીનબાનુ સાથે એક્ટિવા GJ-04-FC-9560 પર જઈ રહી હતી.ત્યારે તખ્તેશ્વર પોલીસ ચોકીથી વાઘાવાડી રોડ તરફ જતા સમયે સંસ્કાર મંડળ તરફથી પૂરઝડપે આવતી એક સફેદ રંગની કાર GJ-18-BW-8683ના ચાલકે બેફિકરાઈથી ડ્રાઈવિંગ કરી એક્ટિવાને અડફેટે લીધી હતી.

આ અકસ્માતમાં ફાતિમાને શરીરે મૂઢ માર અને જમણા પગના લિગામેન્ટમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ડો. તુષાર ત્રિવેદી પાસે પ્રાથમિક સારવાર કરાવ્યા બાદ, વધુ સારવાર માટે અમદાવાદની આધ્યા હોસ્પિટલમાં ડો. કલ્પેશ ત્રિવેદી પાસે યુવતીના પગના લિગામેન્ટનું ઓપરેશન કરાવવામાં આવ્યું છે.માનવ જિંદગી જોખમાય તે રીતે ડ્રાઈવિંગ કરી અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ યુવતીના પિતાએ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(a), ૧૨૫(b) તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭, ૧૮૪ મુજબ વિધિવત ફરિયાદ દાખલ કરાવી છે.

# ઓથા ગામે ભંગારના ભાવ બાબતે ડખ્ખો થતા સ્ટીલ કંપનીના માલિક પર બે શખ્સોનો હુમલો

### ભંગારનો ભાવ ઓછો લાગતા ઉશ્કેરાયેલા શખ્સે લોખંડના પાઈપ સાથે ધસી જઈ માર મારી ફેક્ટરી બંધ કરાવવાની ધમકી આપી

ભાવનગર,તા.૬

ઓથા ગામે આવેલી સ્ટીલ કંપનીમાં લોખંડના ભંગારના ભાવ નક્કી કરવા બાબતે થયેલી તકરારમાં કંપનીના માલિક પર બે શખ્સોએ હુમલો કરી, માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસમાં ગુનો નોંધાયો છે.

રાજકોટના કાલાવાડ રોડ પર રહેતા અને ઓથા ગામે 'શ્રી રામનાથ એલોયઝ એન્ડ સ્ટીલ' નામે ફેક્ટરી ધરાવતા તરૂણભાઈ મંગળભાઈ હડીયા (ઉ.વ.૩૭) ની ફરિયાદ મુજબ, સાંજના સમયે તેમની કંપનીમાં ઓથાના ફારૂકભાઈ સલોતનું ટ્રેક્ટર ભંગાર લઈને આવ્યું હતું. કંપનીના માણસોએ ભંગારનો ભાવ રૂ. ૨૬/- જણાવતા, ટ્રેક્ટર સાથે આવેલા વ્યક્તિએ તાજુદ્દીનભાઈ બદરુદ્દીનભાઈ સેલોતને ફોન કર્યો હતો. ભંગારનો ભાવ ઓછો લાગતા ઉશ્કેરાયેલા તાજુદ્દીનભાઈએ ફોન પર મેનેજર અને માલિક સાથે ગાળાગાળી કરી હતી.આ બોલાચાલી બાદ તાજુદ્દીન સેલોત હાથમાં લોખંડનો પાઈપ લઈને અફજલભાઈ ઈસુભાઈ સેલોત સાથે ફેક્ટરીએ ધસી આવ્યો હતો. ઓફિસમાં ઘૂસીને તાજુદ્દીનભાઈએ ગાળો આપી, "તારી કંપની બંધ કરાવી દેવી છે" તેમ કહી તરૂણભાઈને ઢીકા-પાટુનોઆડેધડ માર મારવા લાગ્યા હતા. આ હુમલામાં વેપારીને માથા અને કપાળના ભાગે મુંઢ ઈજાઓ પહોંચી હતી. આરોપીઓ "કાલથી જોઉં છું કે ફેક્ટરીમાં ભંગાર કોણ લઈને આવે છે" તેવી ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.આ બનાવ અંગે તરૂણભાઈએ તાત્કાલિક ૧૧૨ પર કોલ કરી પોલીસ બોલાવી હતી. ત્યારબાદ તેઓએ તાજુદ્દીન સેલોત અને અફજલ સેલોત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ અને જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ પોલીસ ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરાજીયામાં સિંહનો આતંક: માલધારીને અડધો કલાક દબોચ્યો, પંપાળતા જીવતદાન આપ્યું

### લોહીલુહાણ ઈજાગ્રસ્ત પશુપાલકને ભાવનગર હોસ્પિટલ ખસેડાયા; હુમલાનો કાળજું કંપાવતો લાઈવ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ








તસવીર : ધવલ વાઝા

ભાવનગર,તા.૬

પાલિતાણા તાલુકાના ગરાજીયા ગામે આજે સોમવારે સવારે સિંહે ગામમાં ઘૂસી એક માલધારી પર હિંસક હુમલો કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સવારના સાડા દસ વાગ્યાના સુમારે કાળુભાઈ બોઘાભાઈ પરમાર નામના માલધારી જ્યારે પોતાની ગાયને ઘાસચારો નાખવા જઈ રહ્યા હતા, ત્યારે બજારમાં બેઠેલા સિંહે અચાનક તેમની પીઠ પર હુમલો કરી જમીન પર પાડી દીધા હતા. સિંહે કાળુભાઈનો હાથ પોતાના મોઢામાં ઝકડી લીધો હતો અને અડધો કલાક સુધી તેમને દબોચી રાખ્યા હતા. આ કટોકટીની પળોમાં કાળુભાઈએ અદ્ભુત ધૈર્ય દાખવી સિંહના શરીર પર હાથ ફેરવી તેને પંપાળવાનું શરૂ કર્યું હતું. આખરે સિંહે તેમના ગળાના ભાગે પંજો મારી તેમને મુક્ત કર્યા હતા. લોહીલુહાણ હાલતમાં કાળુભાઈને પ્રથમ પાલિતાણા અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડાયા છે.

આ ભયાનક ઘટનાનો લાઈવ વીડિયો વાયરલ થયો છે, જેમાં સિંહ માલધારી માથે બેઠેલો દેખાય છે અને આસપાસ એકઠા થયેલા લોકો બૂમો પાડી પથ્થરમારો કરી રહ્યા છે.

બીજી તરફ, સ્થાનિક પ્રત્યક્ષદર્શી હેમુભાઈ ગઢવીએ જણાવ્યું કે સિંહે અગાઉ તેમના ઘરે પણ હુમલાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભેંસ આડી આવી જતાં તેમનો બચાવ થયો હતો. ત્યાંથી ભાગીને સિંહે કાળુભાઈને શિકાર બનાવ્યા હતા. ગ્રામજનોએ વન વિભાગની કામગીરી સામે ભારે રોષ ઠાલવતા આક્ષેપ કર્યો છે કે ફોરેસ્ટના બે કર્મચારીઓ ઘટનાસ્થળે આવ્યા હોવા છતાં કોઈ જ મદદ કર્યા વિના અને જવાબદારી લીધા વિના ત્યાંથી સીધા નીકળી ગયા હતા. હાલ વન વિભાગ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.